Summit



# અધ્યાત્મ

વર્ષ : ૨૦ ફેબ્રુઆરી–૧૯૯૮ અંક : ૫

## * આત્મદર્શનનો સચોટ રસ્તો *

કેવલ ધન કે વૈભવ ને સાંસારિક પ્રવૃત્તિની અંદર સમાપ્ત થનારું જીવન એ આવા દિવ્ય જીવનની આગળ કશી જ કિંમતનું નથી, ને તેવા જીવનથી આગળ વધવાની તાલાવેલી ના જાગે ત્યાં લગી સાચા જીવનની શરૂઆત પણ નથી થતી. તેનો અર્થ એમ નથી કે વર્તમાન જીવનને માટે તીવ્ર અસંતોષ ઉત્પન્ન કરી દેવો અથવા તો તેનો સદંતર ત્યાગ કરવો. તેથી તો ઘણી વાર વધારે ખરાબ પરિસ્થિતિ પણ જન્મે. કેમ કે જ્ઞાન કે સમજ વિનાના કેવલ પરિવર્તનથી કશું જ વળતું નથી. એટલે સુંદર ઉપાય એ જ છે કે વર્તમાન જીવનમાં એક સતત સાધક બની જવું. તેનો લાભ લઈ બને તેટલા શુદ્ધ હૃદય, વિચારક ને ક્રિયાશીલ થવા મથી જવું. આ જ સુંદર ને સાચો સર્વસાધારણ માર્ગ છે. આમ કરતાં કરતાં, એટલે કે સંસારના વ્યવહાર કરતાં કરતાં ને સાધના પણ ચાલુ રાખતાં એક સમય એવો આવશે જ્યારે આત્મદર્શન થશે, પૂર્ણ-જ્ઞાન પણ પ્રાપ્ત થશે ને સાચું જીવન મળશે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| અમૃતપળોનો આસ્વાદ–૪ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૧૪ |
| આત્મચિંતન | પં. દેવકૃષ્ણ શાસ્ત્રી | ૨૨ |
| તીર્થની તાકાત | યોગેશ્વરજી | ૨૭ |
| કેમ કરી લગની લાગે? | પરમાર્થી | ૩૪ |
| અથવા | ડૉ. રણજિત પટેલ | ૩૫ |
| રામાયણના પ્રસંગ પરથી રામ–પાદુકા | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૩૬ |
| ૧૮ મી માર્ચની ઉજવણી | તંત્રી | ૩૭ |
| ભગવાનની ભક્તિનો અધિકારી | નાનાભાઇ ભટ્ટ | ૩૮ |
| ખૂલ્યો ખજાનો પરમાત્માનો–૩ | ડૉ. બી. જે. જાગાણી | ૪૩ |
| પ્રેરક પ્રસંગો | ઝિંઝુવાડીયા કનૈયાલાલ | ૪૯ |
| સાચા વૈષ્ણવની પરીક્ષા | પ્રા. રમેશભાઇ વિ. પરીખ | ૫૫ |
| બોધકથાઓ | એક સાધક | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**


વર્ષ : ૨૦ ફેબ્રુઆરી–૧૯૯૯ અંક : ૫


## શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૧૮–૭–૮૧, શનિવાર, અષાઢ વદ પડવો, ૨૦૩૭, વડોદરા.**

સવારે દરરોજનો ક્રમ વ્યાયામ, ગીતાપાઠ, મંત્રજપ તેમ જ લેખનનો નિયમિત થયો. ૧૧ વાગ્યા સુધી એ કર્મમાં રત રહી થોડો આરામ કરી, ૧૧–૩૦ ભોજન લઇ લીધું. ભોજન લેતાં લેતાં વરસાદ શરૂ થયો. પૂ. શ્રીનો આગ્રહ બહાર વરંડામાં જ ભોજન લેવાનો હોય છે. એટલે ત્યાં પૂ. શ્રી પર સીધો વરસાદ આવવા લાગ્યો.

સર્વેશ્વરી ઊઠીને કાપડ પર પીન લગાડે છે, જેથી વરસાદથી પૂ. શ્રીનું રક્ષણ થાય, પણ પીન ઊડી જાય છે. એ જોઇને પૂ. શ્રી કહે છે : 'ભલભલા ઋષિમુનિઓને પણ ઊડાડી દે એવો પવન છે, તો આ પીન બિચારી કેટલું કામ કરે? વળી આજે ભોજનમાં

શીરો પણ હતો. પૂ. શ્રી સર્વેશ્વરીને આગ્રહ કરીને પીરસવા ઇચ્છે છે, પણ શીરો લેવાની સર્વેશ્વરી ના જ પાડે છે. તે સાંભળી પૂ. શ્રી કહે : 'એ બધો કાટમાળ શું ખાઓ છો? અમે તો માલ જ ખાઇએ.' (ગળ્યા પદાર્થો સિવાયના બધા જ બીજા પદાર્થો પૂ. શ્રીને મન કાટમાળ જેવા ગૌણ હતા.)

સર્વેશ્વરી હસતાં હસતાં કહે છે, 'માલદાર હોય તે માલપાણી જ ખાય. અમે તો ગરીબ એટલે કાટમાળ જ લઇએ ને!'

ભોજન પૂરું કરતાં ફરી ફરી પૂ. શ્રી શીરો લેવા માટે સર્વેશ્વરીને આગ્રહ કરતાં કહે છે : 'ખાઇ તો જુઓ. મને જીવન-ભર યાદ કરશો. એક વાર શીરો ને તેની સાથે આ આદુના નાન-કડા ટુકડા ખાઇ તો જુઓ, સાચું કહું છું ખૂબ સરસ લાગશે.' પણ સર્વેશ્વરી પૂ. શ્રીના આગ્રહ સામે ના જ પાડે છે, કારણ એ વસ્તુ ભાવતી નથી.

ભોજન પૂર્ણ થતાં વરસાદ પણ શાંત થઇ જાય છે. ભોજન-બાદ સર્વેશ્વરી તેલમાલિસ માટે નીચે જાય છે. એમના જમણા હાથે દુ:ખાવો હોવાથી તે કામ જરૂરી બને છે. પૂ. શ્રી પાસે સૌ મુલાકાતીઓ આવીને બેસે છે.

સર્વેશ્વરી માલિસ કરાવીને ઉપર મુલાકાતના ઓરડામાં આવે છે, ત્યારે પૂ. શ્રી રામાયણની તુલસીદાસજીની વાતો કરી રહ્યા છે.

પૂ. શ્રીઃ–તુલસીદાસની વિનયપત્રિકા અદ્‌ભુત ગ્રંથ છે. પણ રામાયણમાં તેઓ આદર્શ કવિ તરીકે જણાતા નથી. રામાયણની રામભક્તિથી જ લોકો મુગ્ધ બનતા હશે, બાકી રામાયણમાં કાવ્ય-તત્ત્વ ઘણું ઓછું છે. રામાયણમાં રામ તરફની શ્રદ્ધાભક્તિ વિશેષ છે, તેથી જ લોકો આટલા આકર્ષાયા.



રામાયણનું પારાયણ પાછળ કંઇ કથા કરવી કે કથા સાંભ-ળવી એથી શું? જેમ શિવપુરાણ વાંચ્યા પછી પાર્વતી જેવા તપસ્વી બનવાનું છે તેમ રામાયણના વાચન પછી શબરી જેવો પ્રેમ કેળવવો, ફકીરી ધારણ કરવાનું વ્રત લેવાનું, તો રામનું અયન, રામનું આગમન થાય, (રામાયન–રામનું અયન) જીવનનું લક્ષ્ય પ્રભુપ્રાપ્તિનું છે.

રામાયણ, ભાગવત નિષ્ઠાથી વાંચે, પ્રાર્થના કરે ને પુરુષાર્થ કરે તો સારું. પારાયણમાં પણ ચોપાઇ સાંભળવાનો આનંદ છે. ચોપાઇ સાંભળતાં પણ ભક્તિભરી વાતોનો ખ્યાલ આવેને–સંભળાવો તો શબરી કે કેવટ પ્રસંગ. (સર્વેશ્વરી તરફ જોઇને પૂ. શ્રીએ કહ્યું–)

જેથી સર્વેશ્વરી શબરી પ્રસંગની ચોપાઇ ગાઇ સંભળાવે છે. નવધાભક્તિની ચોપાઇ પણ એમાં સંભળાવી. જે સાંભળી પૂ. શ્રીએ કહ્યું :

"ભક્તિહીન નર સોહરી કૈસા, બિનુ જલ વારિ દેખઇ જૈસા" તુલસીદાસે અટલ ઉપમા આપી. વાદળા છે પણ પાણી નથી. તેમ માનવ છે પણ ભક્તિ નથી, તો તે કેવો શોભે? પણ શબરી માટે કહ્યું, 'અધમ ને અધમ, અધમ અતિ નારી' તે સારું નથી.

જે સ્ત્રીએ (રત્નાવલીએ) તુલસીને તુલસીદાસ બનાવ્યા, તે સ્ત્રીને એમણે એક પણ અંજલિ નથી આપી. અને સ્ત્રીજગત માટે–આ શબરી માટે, અધમ શબ્દ સારો નથી. આપણે જે લખી રહ્યા છીએ તેમાં આ ચોપાઇ કાઢી નાંખીશું એટલે સ્ત્રીઓને એવો પ્રશ્ન પૂછવાનો ન રહે કે અમને કેમ અધમ ગણી?

સૌ શાંતિથી સાંભળે છે ત્યાં વળી પૂ. શ્રીએ કહ્યું, "હવે સમય થઇ ગયો છે. ૫ મિનિટ છે, કોઇને કંઇ પૂછવું હોય તો પૂછો. એક અજાણ્યા ભાઇ પૂ. શ્રીને પૂછે છે,

**ભાઇ :** જપ વિષે કંઇક સમજાવશો? જપથી સિદ્ધિ એટલે શું?

**પૂ. શ્રી :** જપ કરવાથી સિદ્ધિ મળે.

**ભાઇ :** એમાં સંખ્યા પર કેમ ભાર મૂક્યો?

**પૂ. શ્રી :** સંખ્યા તો જરૂરી છે. નહીં તો આજે ૫ માળા કે કાલે ૧૦ માળા ને પરમ દિવસે કરે જ નહીં તો?

પણ સંખ્યા કરતાં પ્રેમ ને એકાગ્રતાથી જપ કરો તો સમાધિ-દશામાં પણ જઇ શકાય. પ્રેમ પ્રગટવો એ જ મહત્ત્વનું છે. પ્રભુ-ના પ્રેમથી વ્યાકુળતા વધે, તેથી દર્શન પણ થાય. મનને ખીલે બાંધવા સંખ્યા જરૂરી છે. નિયમિતતા માટે સંખ્યા જરૂરી છે.

જપ કરતાં કરતાં મન શાંત બને. જપ છૂટી જાય. સમાધિ થાય ને સમાધિમાં દર્શન થાય. એ રીતે જપ કરતાં કરતાં પ્રેમ વધે. જપ છૂટી જાય ને ખુલ્લી આંખે તેનું દર્શન થાય.

જપ સિદ્ધ થાય એટલે પૈસા મળ્યા કે કોર્ટમાં કેસ જીત્યા તે નથી, જપ સિદ્ધ ત્યારે થાય જ્યારે તે જપના દેવદેવીનાં દર્શન થાય. જેટલા પણ વધુ થાય એટલા પ્રેમથી જપ કરો–ભાવપૂર્વક કરો.

**પ્રશ્ન :** લેખિત જપ સારા કે વાચિક જપ ઉત્તમ?

**પૂ. શ્રી :** શરૂઆતમાં બોલો પછી મનમાં જપ કરો. વળી મન અશાંત બને તો ફરી મોટેથી બોલો. મંત્રલેખનમાં મન બહાર જાય છે, મંત્રલેખન દરમ્યાન તે મંત્રના અક્ષર, લીટી તરફ જ ધ્યાન જાય છે. જપથી આપણે અંતર્મુખ થવાનું છે. બહિર્મુખ નહીં.



બીજા પણ એક બે પ્રશ્નો પૂછાયા. પૂ. શ્રીએ ટૂંકમાં જવાબો આપ્યા. સમય થતાં સૌએ પ્રણામ કરી વિદાય લીધી.

આજે લગભગ ૧ કલાક સુધી પૂ. શ્રીએ નારાયણભાઇ સાથે અધ્યાત્મની વાતો કરી. બીજી થોડી જરૂરી વાતો પણ કરી. થોડો આરામ કર્યો.

સર્વેશ્વરીએ આજે નિરાશા વ્યક્ત કરતાં કહ્યું : 'મેં ત્યાગ કર્યો, પણ સાધના ધાર્યા જેવી વધારે થતી નથી. પૂ. શ્રીએ નિરાશા દૂર કરતાં કહ્યું : 'કરો તો છો. પારાયણ કરો છો. પ્રાર્થના, જપ કરો છો. ભજન લખો છો. ડાયરી લખો છો, અને છતાં તમને એવું લાગે છે તો કરોને! વધારે જપ કરો.'

પૂ. શ્રીએ થોડું લેખનકાર્ય કર્યું. સમય થતાં પૂ. શ્રી બહાર મુલાકાતખંડમાં પધારે છે. બારી પાસે મૂકાયેલા પલંગ પર વિરાજે છે. પૂ. શ્રીને સૌએ પ્રણામ કરી સ્થાન લીધું. પૂ. શ્રીએ ગીતાનો ૧૫ મો અધ્યાય બોલવાનું કહ્યું. ત્યારબાદ ગીતાપાઠ થયો. ભજનો ગવાયાં, ધૂન પણ ગવાઇ.

પ્રશ્નોત્તરી શરૂ થાય છે. આજે વળી પૂ. શ્રીએ સર્વેશ્વરી તરફ જોઇને કહ્યું : પ્રશ્નો શરૂ થાય છે. તમારે કંઇ પૂછવું છે?

**સર્વેશ્વરી :** આજે એક ભાઇના બે પ્રશ્નો હતા તે મારી પાસે આવ્યા હતા. પણ તે ભાઇ જ હવે પૂછશે.

**પૂ. શ્રી :** તો પછી પ્રશ્ન પૂછવો હોય તો પૂછો.

(એટલે રાજુ પુરોહિતે પોતાના પ્રશ્નો શ્રી નારાયણભાઇ જાની

આગળ બેઠા હતા તેમને કાગળ મોકલાવી દીધો એટલે તે પ્રશ્ન શ્રી નારાયણભાઇએ વાંચ્યો).

**પ્રશ્ન :** આપ અને મા સર્વેશ્વરી એક જ છો. તો પછી બંને એકમેકની સ્તુતિ કરો છો ને પ્રભુસ્વરૂપ માનો છો, તો આપ બંને એક જ છો કે જુદાં? આપને કોઇ પ્રભુ કહે કે માને કોઇ પ્રભુભાવે જુએ, ત્યારે આપ બંને શું અનુભવો છો?

**પૂ. શ્રી :** હું તો ઘણીવાર કહું છું કે અમે બંને જુદાં છીએ. આરાધના કરવી હોય તો મૂળભૂત રીતે એક જ છીએ. બહારથી જુદાં જુદાં, પણ મૂળરૂપ એક જ.

જો બહારથી એવું ન હોય તો હું સાડલો ન પહેરું? (સૌ ખડખડાટ હસી પડે છે) અને એ (સર્વેશ્વરી) ધોતીયું ન પહેરે? તો દાઢી પણ હું જ બે દિવસે કરું છું, એ નથી કરતાં. (સૌ ખૂબ હશે છે. પૂ. શ્રીનો વિનોદ અદ્‌ભુત છે.) મૂળભૂત રીતે આખું વિશ્વ એક જ જેમ મણકા દોરામાં. બહારના જગતમાં નામ ને રૂપને લીધે ઉપાધિ–ભેદ લાગે.

અને મને કોઇ પ્રભુ માને તો શું થાય? તો મને તો કશું જ થતું નથી. શિવને કશું જ થતું નથી. કોઇ પ્રતિક્રિયા થતી નથી. એ બધું જીવને થાય, જીવને પ્રતિક્રિયા થાય તો મને તો કોઇ પ્રભુ કહે કે ન કહે, તો મને કાંઇ જ થતું નથી.

તો માને પણ એવું કશું નહીં થતું હોય, કેમ? થાય છે તમને કોઇ વિચારો કે ભાવો?

(સર્વેશ્વરી તરફ જોઇને પૂ. શ્રી પૂછે છે. સર્વેશ્વરી મૌન રાખીને પૂ. શ્રીની સામે જુએ છે.)



તો માને કોઇ પ્રણામ કરે તોપણ કશું નથી થતું, તો કોઇ પ્રણામ ન કરે તોપણ કશું નહીં. જીવને તો કોઇ પ્રણામ કરે તો મોઢું ઓ હો હો (અહંકારયુક્ત) આમ થઇ જાય છે. ને કોઇ પ્રણામ ન કરે તો ખબર લઇ લઇશ, એમ માનવા માંડે છે.

શિવને આવા કોઇ પ્રતિભાવો નથી ઊઠતા. આદર્શ જ્ઞાની કે આદર્શ ભક્તને પણ એવા ભાવો ઊઠતા નથી. તે ભક્ત કે જ્ઞાની, બધામાં ઈશ્વરને જ જુએ છે. સૌમાં પ્રભુની લીલાનું દર્શન કરે છે.

તમને કોઇ નારાયણભાઇ કહે તો તમને કોઇ પ્રતિભાવ ઠે? ના–(શ્રી નારાયણભાઇ તરફ જોઇ પૂ. શ્રી પૂછે છે.) પણ તમને કોઇ કારાયણભાઇ કહે તો? કે રાજુભાઇ પુરોહિતને પણ રાજુને બદલે કાજુભાઇ કહે તો? તો પ્રતિક્રિયા થાય જ. જો મન મજબૂત હોય તો એવું ન થાય. હા, પ્રતિક્રિયા સામાન્ય માનવ પર થાય છે.

કોઇ કાંઇ બોલે તો અમને કોઇ પ્રતિક્રિયા થતી નથી. પણ કોઇ શુભ બોલે તો અમને એમ લાગે કે એમનો કેવો ઊંચો આત્મા છે અને કોઇ દોષ જુએ તો અમને એમની ભૂમિકાનું દર્શન થાય. પણ અમારું મન સમ–એક જ રહે છે, તો માનું છું કે 'મા'ને પણ કંઇ નહીં થતું હોય.

આજે જ ભજન–ધૂન ગવાતી હતી, તેમાં સર્વેશ્વરી વળી કરુણેશ્વરી પણ ગાયું. તો બહુ બહુ તો મા સાંભળીને એમ કહે કે કલ્પુ આવું ગાય છે, તો પાસ થઇ જાય તો સારું. કોઇ સારું બોલે તો તેમનું કલ્યાણ થાય, શુભ થાય એવું તો ઇચ્છીએ જ ને!

તમે સૌ બેઠા છો, તેમાં કોઇ મા જેટલા ચોક્કસ નહીં હોય. બોલો! આજની વાત કરું : આજે એમણે બપોરે મને કહ્યું કે મેં ત્યાગ કર્યો, રાજીનામું મૂક્યું, છતાં ધારીએ એટલા જપ થતા નથી.'

'કેટલાં જાગ્રત છે! કોઇ સારું ગાય કે બોલે તેથી ફુલાતાં નથી. જાગ્રત રહે છે.'

ઔર ક્યા બાત હૈ? પ્રશ્નકર્તાને સંતોષ ન થાય તો ફરીથી પૂછી શકો છો. દવા ન ભાવે તોપણ ગળે ઉતારવાની જરૂર નથી.

**પ્રશ્ન :** (ફરી નારાયણભાઇ જાની પ્રશ્ન વાંચે છે) શ્રી રામકૃષ્ણદેવના અંતરંગ ભક્તો પણ વાસનામુક્ત ન થઇ શક્યા તો અમારી તો શું ગતિ? અમે તો સામાન્ય કોટિના છીએ.

**પૂ. શ્રી :** એ વિધાન તટસ્થ નથી. જેમને આપણે જોયા નથી, જેમને આપણે મળ્યા નથી તે બધા વાસનામુક્ત નથી થયા એમ કહેવું બરાબર નથી. શ્રી રામકૃષ્ણદેવના ભક્તો પૈકી વિવેકાનંદ માટે રામકૃષ્ણદેવ કહેતા કે આ છોકરાના નખમાં પણ વિકાર નથી. ને આપણે પાછળથી વાંચીએ છીએ કે વિવેકાનંદને એવી કોઇ વાસના સતાવતી ન હતી. હા, લોકકલ્યાણી ભાવના હતી. (તે વાસના ન કહેવાય). તો માસ્ટર મહાશય પાછલા વરસોમાં મા જગદંબાની સંપૂર્ણ કૃપા અનુભવતા. યોગાનંદને થયું, આ જ મારા ગુરુ. તો માસ્ટર મહાશયે પૂછ્યા વિના જ કહ્યું : તારા ગુરુ તને થોડા દિવસોમાં મળશે. હું તારો ગુરુ નથી. મને આ માળા ના પહેરાવીશ. તો ગૃહસ્થભક્તો નાગમહાશય, શારદાનંદ જેવા પણ ખૂબ ઉચ્ચકોટિના ભક્તો હતા.

**પ્રશ્ન :** અંતરંગ ભક્તો કેમ મુક્ત થયા નહીં? રામકૃષ્ણદેવ જેવા વિશ્વવંદ્ય અવતારી પુરુષ છતાં?

**પૂ. શ્રી :** બસ, બસ, શાંતિ હવે. આગળ ના વાંચશો. ધીરે ધીરે પ્રશ્નો સાંભળીએ.

અરે ભાઇ! બધા જ ભક્તોએ રામકૃષ્ણદેવનો ટેકો લીધો



હતો? જે બધા રામકૃષ્ણદેવ પાસે જતા હતા, તેમણે એવું માગ્યું હતું? અને જે જે સત્સંગમાં જતા હતા તેમાંના જેમણે પણ એવી મુક્ત થવાની ભાવના સેવી એટલું જ નહીં, પણ તે માટે પુરુષાર્થ ને પ્રયત્ન કર્યા, તેમને મુક્તિનો આનંદ મળ્યો જ છે.

રામકૃષ્ણદેવનો દોષ નથી–બધા મુક્ત થવા કે ન થવા તેમાં તેમનો એવો કોઇ દાવો પણ ન હતો, કે હું બધાને મુક્ત કરીશ. બધા જ બાળકો વર્ગમાં પાસ ન થાય તો શિક્ષકનો દોષ ખરો? (શ્રી ચંપકભાઇ–જે અંગ્રેજીના શિક્ષક હતા તેમની સામે જોઇને પૂ. શ્રી પૂછે છે)

તમે શિક્ષક છો, એટલે પૂછું છું. દોષ ખરો? બધાં બાળકો પાસ ન થાય તેમાં શિક્ષકનો દોષ નથી. ગુરુ ગમે તેટલા સારા હોય પણ પેલા ઠેકાણા વગરના જ શિષ્યો હોય તો આપણાથી દોષ ગુરુને ન દેવાય.

રામકૃષ્ણદેવે બધાને મુક્ત કરીશ એવો દાવો કર્યો નથી. એ તો જે એમની પાસે આવતું તેને માટે પ્રાર્થના કરતા ને માને કહેતા, "મારી પાસે જે જ્ઞાન છે તે આપું. માટે સૌને અહીં લાવો," ને જે જે આવતા તેને કહેતા, જાઓ પંચવટીમાં ધ્યાન કરવા જાઓ, સૌને રસ્તો બતાવતા, સૌને ગુણદોષ પણ કહેતા.

**પ્રશ્ન :** અંતરંગ ભક્તોએ પાછા શરીર ધારીને આવવું પડયું?

**પૂ. શ્રી :** મહાપુરુષો પણ મુક્ત હોય છે છતાં, શરીર ધારીને આવી શકે છે. ભગવાને જ કહ્યું, "સંભવામિ યુગે યુગે" જીવનકાળ દરમ્યાન પણ કેટલાક મુક્તિનો આનંદ મેળવી શકે છે.

**પ્રશ્ન :** માનું છું કે શિષ્યો પોતે નબળા હશે તેથી મુક્ત ન થઇ શક્યા હોય.

**પૂ. શ્રી** : પણ એ બધી ચિંતામાં આપણે શા માટે પડવું? આપણે નબળા કે સબળા છીએ તે જ વિચારવું. અંતરંગ ભક્તો મુક્ત ન થયા તો અમે તો કેવી રીતે થઈશું—એવો માયકાંગલો વિચાર પણ ન કરવો,

ઘણીવાર જ્યાં પહેલવાનો હારી જાય, ત્યાં નાનકડા મેદાન મારી જાય છે, જ્યાં ફાસ્ટ બોલરો થાકે ત્યાં ઘણીવાર નાનકડા સ્લો બોલરો ફાવી જાય છે.

અમારે એવું જ બનેલું. એક પહેલવાનને હઠાવવા ખૂબ મહેનત પડી તે કહે, જીવું ત્યાંસુધી આ જ ખુરશી પર બેસું. હઠે જ નહીં. સૌ થાકીને મારી પાસે આવ્યા મેં કહ્યું મેં ઘણા વખત પર નાટક જોયેલું—બુદ્ધિ કોના બાપની? આ પહેલવાનને હઠાવવાનું કામ તો એક નાનકડો બાળક કરી શકશે, એમાં શું?

(સૌ ખૂબ ધ્યાનથી અને શાંતિથી સાંભળે છે.)

મારી પાસે તે ૧૭, ૧૮ વરસનો બાળક આવ્યો, મેં તેને ગુરુમંત્ર શીખવ્યો ને સાચે જ તે પ્રમાણે કર્યું, તો પેલો પહેલવાન હેઠો પડ્યો, પેલા બાળકે વચન લીધું કે હવે એવું નહીં કરું. બોલો. પહેલવાનને હઠાવવા બાળક સફળ થયો. કયો ગુરુમંત્ર?

—ગલીપચી કરવાનો. (સૌ ખડખડાટ હસી પડે છે) ગલીપચી કરવાથી પેલો સામાન્ય ગણાતો બાળક પણ મેદાન મારી ગયો. એ રીતે જે કામ મોટા મહારથીઓ ન કરી શકે તે કેટલીકવાર નાના સાધકો કરી જતા હોય છે.

ગંદા બાળકને પણ મા ખોળામાં બેસાડી ને પછી સ્વચ્છ કરે. પ્રભુ પણ આપણી ત્રૂટિઓ જુએ પણ તે એટલા બધા, તમે ધારો છો એવા કડક નથી, થોડી ત્રૂટિઓ હોય તોપણ પ્રભુ સ્વીકારે, ને



જે ત્રૂટિઓ હોય તે પણ તેની જ કૃપાથી દૂર પણ થઈ જાય. થોડી ત્રૂટિઓ હોય તો ભગવાન આડે આવતા નથી. ભગવાન વિચારે કે ત્રૂટિ છે તો વાંધો નહીં, પણ પ્રીતિ છે ને, રુચિ છે ને! તો એને હમણાં એપ્રેન્ટીસ (કામચલાઉ) તરીકે નોકરીમાં લઇ લો.

એટલે તમે જ્યાં પણ છો ત્યાં રહી વિશુદ્ધિની સાધના કરતા રહો.

આ પ્રશ્નોત્તરી ખૂબ સુંદર થઈ. બીજા એક—બે પ્રશ્નો પૂછાયા. જેમાં ૐકારની સાધના સાકાર કે નિરાકાર વિષે વિસ્તૃત ચર્ચા ચાલી. અને એમાં સ્વામી દયાનંદની વાતો પણ થઈ.

ઘડિયાળ પર પૂ. શ્રીએ નજર કરી કહ્યું : હવે સમય થઈ ગયો છે. એકાદ નવું ભજન લખાયું હોય તો ગવડાવો. (સર્વેશ્વરી તરફ જોઇને પૂ. શ્રી કહે છે.) એટલે સર્વેશ્વરી રૂમમાંથી ડાયરી મંગાવે છે અને એમાંથી બે ભજનો ને ધૂન ગવડાવે છે.

(૧) વ્હાલા રાધાના શ્યામ તું આવ જરી.

(૨) મને સાથે રાખો...મને સાથે રાખો.

ધૂન પછી પૂ. શ્રી તરત જ બોલ્યા, પાંચ મિનિટ ધ્યાનમાં બેસો. સૌ પાંચ ૐકારના ધ્વનિ સાથે ધ્યાનમાં બેઠા. ધ્યાનની પૂર્ણાહુતિ પૂ. શ્રીએ શાંતિમંત્રથી કરી. સૌ પ્રણામ કરી વિદાય થયા.

પૂ. શ્રીએ હળવો ખોરાક લીધો. ત્યાર પછી આવતીકાલના ભોજનની સૂચનાઓ આપી. વળી શ્રી જીતુભાઇને થોડી જરૂરી સલાહ આપી, જેમાં સત્સંગીઓ સાથે ધંધાકીય સંબંધો ન રાખવા એવો એનો સાર હતો.

ત્યાર બાદ આરામ. હરિ: ૐ.

(ક્રમશ:)

# અમૃતપળોનો આસ્વાદ-૪

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

આવે તેને સો સલામ,
જાય તેને હજાર સલામ,
અને ન આવે તેને લાખો સલામ.

ખરેખર બોર્ડ દેખાય છે તો નાનું, પણ એમાં શાસ્ત્રનો મર્મ પૂ. મોટાએ સરસ રીતે ગૂંથી લીધો છે. દુનિયાના સંબંધોને સાહજિક ગણીને તેના હર્ષશોકમાં ડૂબવાનું નથી. આ સંબંધોની આસક્તિમાં ડૂબીને સાચા જીવનધ્યેયને વિસરી જવાનું નથી. સાક્ષીભાવે દુનિયા-થી ઉપર ઊઠીને સત્યનો માર્ગ પકડવાનો છે, સંઘર્ષ કે મોહનો નહીં! જીવનમંઝીલ પ્રભુની પ્રાપ્તિ છે. એટલે દુનિયાદારીના આડા-પંથે ફંટાવાનું નથી. પરંતુ પ્રભુપંથે સીધા જ ચાલ્યા કરવાનું છે. આ પ્રભુપંથે ચાલતાં જેઓ રસ્તામાં મળી આવે તેને આવકારીએ, પરબનાં પાણી પીએ અને વળી પાછા તેને વિદાય આપી આપણે આપણા રસ્તે! આપણે તો આપણી પ્રભુપંથની પ્રેમભરી મસ્તીમાં મહાલીએ!

પૂ. મા કડછીની વાત સમજાવતાં કહે, "કડછી ભોજનના બધા જ પદાર્થોમાં ફરે છે, પરંતુ કોઈ એક ભોજનના રસાસ્વાદમાં ડૂબેલી રહેતી નથી. તે તો સાવ વિરક્તભાવે ભોજન બનાવવાનું અને પીરસવાનું કામ નિર્લેપભાવે કરતી રહે છે. સારા ભોજનનો રસાસ્વાદ તેને ગળે વળગતો નથી કે સાદા ભોજનનો તીરસ્કાર કરતી નથી. દાળમાંથી કાઢો તો દાળના છેલ્લા ટીપાને પણ નીતારી દેશે! તેમ જ મીઠાઈમાં પણ તે ચોંટી રહેતી નથી. તેમ આપણે પણ જીવનના વિવિધ સંબંધોનો રસાસ્વાદ જરૂર માણીએ, પરંતુ તેના સંબંધોની આસક્તિના રસાસ્વાદને વળગી ન રહીએ. જ્યારે એ પાત્ર આપણા જીવનમાંથી ખસી જાય, ત્યારે આપણે પણ તેની આસક્તિ નીતારીને કડછીની જેમ નિર્લેપ બની જવાનું છે."



પૂ. મા કહે, "આપણે અનેકની સ્મશાનયાત્રામાં જઈએ છીએ, પરંતુ સાચો વૈરાગ્ય જાગતો નથી. તો પછી જનારની ખોટી આસક્તિ પણ શા માટે રાખવી? તટસ્થભાવે જીવનના સંબંધોને નિહાળતા રહેવાનું છે. કાદવ વચ્ચે કમળ નિર્લેપ રહે છે તેમ, આપણે પણ સંસારના કાદવ વચ્ચે નિર્લેપ રહેવાનું છે. સંસારના બધા જ સંબંધો સ્વાર્થ સાથે સંબંધ ધરાવે છે, મોટે ભાગે જ્યાં-સુધી આપણાથી સૌનો સ્વાર્થ સરતો રહે છે, ત્યાંસુધી આપણે સારા લાગીએ છીએ. પરંતુ જ્યારે આપણે બીનઉપયોગી બની જઈએ છીએ ત્યારે હડધૂત થવું પડે છે. લગભગ સંસારનો ચહેરો આવો છે. માટે ચેતી જવાનું છે. માટે ભજ ગોવિંદમ્, ભજ ગોવિંદમ્, પ્રભુને જ વળગો, સંસારને નહીં"

પૂ. મા કહે, "પૂ. શ્રીએ જ્યારે શરીર છોડયું ત્યારે સહજ પ્રાર્થના થયેલી કે જાગવું હોય તો જગતને માટે જાગો, મારા માટે નહીં, હું એવી સ્વાર્થી નથી કે મારા માટે તમને જગાડું. તમારી ઈચ્છામાં મારો સૂર પુરાવું છું. જગત માટેનો અભિનય જ્યાંસુધી જરૂરી હતો, ત્યાંસુધી તમે કર્યો, હવે તમે વિદાય થયા છો તો તમારી વિદાયને પણ વધાવીએ છીએ. હવે તમારાં કાર્યો કરીને તમને ભજીશું, તમે અમારા પ્રભુ છો એટલે તમને સદાય ભજીશું. પરંતુ શરીરની આસક્તિ તો ક્યાંસુધી ટકવાની છે, એ પણ છૂટી જવાની છે, તો છોડી દેવી સારી. આજે અમે પ્રભુના શરીરને

છોડયું છે પણ તેમનાં કાર્યોને છોડયાં નથી. આજે પ્રભુએ શરીર છોડયું છતાં તેમની સેવા થકી, શરણાગતિ થકી, અમારી પાસે જ છે. અમને મોહ પ્રભુના શરીરનો નહી, તેમનો જ હતો. પ્રભુનું પ્રભુત્વ તો આજે પણ અમારી સાથે જ છે."

પૂ. મા કહે, "૨૩, ઓક્ટોબર–'૮૫ ના રોજ જ્યારે અમારા પિતાજીના અવસાનના સમાચાર અમને મળ્યા, ત્યારે સૌ શોકમગ્ન હતાં પરંતુ અમે તો શ્રી રામની ધૂન શરૂ કરી દીધી. પિતાજીએ જીવતા અમને ક્યારેય રડાવ્યાં ન હતાં, તો હવે મૃત્યુ પછી શા માટે રડાવે? પિતાજી સાથે જે રીતે સંસારનો સંબંધ બંધાયો હતો તે એક દિવસ છૂટી પણ ગયો. તો તેનો હવે અફસોસ શું હોય? તેમણે પિતા તરીકે જાગૃતિપૂર્વક બધી જ ફરજો અદ્‌ભુત રીતે બજાવી. કોઇ જાતનો અભાવ તેમણે અમને સાલવા દીધો નહતો. જીવનનો આવો ઉત્તમ અભિનય કરીને જ્યારે વિદાય થાય ત્યારે તેનો શોક શા માટે કરવો?"

પિતાજીને અંજલિ આપતા અમે લખ્યું,

સ્વીકારી લેજો આજ્ પ્રણામ પ્રેમ ધરી,
ધરજો આશિષ અમપર આજ જ્યાં હો ત્યાંથી.

પૂ. મા કહે, "સારું કે ખરાબ કોઇનું પણ વળગણ ન રાખો. દિવંગત આત્માઓના સદ્‌ગુણો જીવનમાં પચાવવા અને તેમણે કરેલા સત્કાર્યો ચાલુ રાખવાં એ જ તેમને અર્પેલી સાચી શ્રદ્ધાંજલિ છે."

પૂ. મા કહે, "પૂ. શ્રી જ્યારે પોતાના સંકલ્પથી કોઇ મૃતાત્માઓનો સંપર્ક સાધતા, તો જે તે મૃતાત્માઓને તે ગમતું નહીં, એટલું જ નહીં પણ તેઓ વિરોધ પણ કરતા અને કહેતા કે અમે મૃત્યુ પછીના જીવનમાં ગોઠવાઇ ગયા છીએ, શા માટે અમને



પાછા બોલાવીને પરેશાન કરો છો? જો તેઓ પોતાના મૃત્યુ પછીના જીવનમાં ગોઠવાઇ જતા હોય તો આપણે પણ આપણા જીવનમાં ગોઠવાઇ જઇએ અને પ્રાપ્ત જે કર્તવ્યકર્મ છે તે બજાવવામાં લીન બની જઇએ. તેમની સદ્‌ગતિ માટે પ્રાર્થના કરીએ અને આપણે અહીં પૃથ્વીપર રહીને સદ્‌ગતિ કર્યા કરીએ અને જીવનને ઉજ્જ્વળ બનાવીએ. આજે અસ્થિ વિસર્જનના પ્રસંગે આપણે સૌ પ્રાર્થના કરીએ કે સૌ દિવંગત આત્માઓ ગંગામૈયાના ખોળે શાંતિ પામે.

અહીં શ્રી સરસ્વતીબેન, શ્રી મધુભાઇ સાથે બીજા પણ જે જે દિવંગત આત્માઓનાં અસ્થિઓ આવ્યાં છે તે સૌ પણ ખરેખર સદ્‌ભાગી છે. સૌને શ્રી ગંગામૈયાના ખોળે સમાવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે તે આનંદની વાત છે."

શ્રી મધુભાઇની વાત કરતા પૂ. મા કહે, "તેમની ઉંમર તો છત્રીસ વર્ષની જ હતી. એમ. કોમ. સુધીનો અભ્યાસ કરીને કોલેજમાં લેક્ચરર તરીકે જોડાયા. પરંતુ નોકરી છોડીને ખેતીના વ્યવસાયમાં જોડાયા. ખેડૂત તરીકે તેમણે ઉત્તમ કર્તવ્ય બજાવ્યું. ખેતીને વિકસાવી ફળદાયી બનાવી. પોતે સુખી થયા અને બીજા અનેકને પણ આર્થિક સહાય કરી. હવે આજે તેઓ આ પૃથ્વીપરથી અચાનક વિદાય થયા તો શોક કરવાને બદલે તેમનાં કાર્યોને દીપાવીએ તે જ સાચી શ્રદ્ધાંજલિ છે."

અસ્થિ વિસર્જન પહેલાં પૂ. મા સૌ દિવંગત આત્માઓ માટે સમૂહમાં પ્રાર્થના કરાવે છે.

"અમારી વચ્ચેથી વિદાય લેનારા સૌ આત્માઓ શાંતિ પામો, સુખ પામો, ધાર્મિકતાને પામો. પ્રભુ, આપણા મોહમાંથી તેમને મુક્ત કરીને સર્વ પ્રકારે શાંતિ આપો."

ત્રણ વખત શાંતિમંત્ર બોલાવી સૌ આત્માઓની પુણ્યયાદમાં "જયશિવશંકર હર હર ગંગે"ની ખૂબ એકાગ્રતાપૂર્વક તન્મય બની પૂ. માએ ધૂન બોલાવી, વાતાવરણને આધ્યાત્મિક પરમાણુ-ઓથી ભર્યું ભર્યું બનાવી દીધું.

પૂ. મા કહે, "હવે ફરીથી પ્રભુ પાસે જીવન માગીએ ત્યારે માગવું કે હવે એકલા જ મોકલે, વૈરાગ્યવાળા મન સાથે જ મોકલે, પ્રભુપરાયણ જીવન સાથે જ મોકલે. પ્રભુને કહેવું કે તમારા સિવાય કોઇનું પણ વળગણ ન રાખો. તમે માત્ર એક જ અને સાચા સ્વજન બનજો. જીવનના બધા જ સંબંધો તમારામાં સમાવજો. સંતપુરુષનું સાન્નિધ્ય આપજો. જીવનમાં બસ સર્વભાવે એક તમારું જ સ્મરણ કરાવજો, બધી ઇન્દ્રિયોદ્વારા તમારું જ કામ કરાવજો. મન બુદ્ધિ તમારા માટે જ વપરાય એવી સમજણ આપજો."

પૂ. મા કહે, ગંગામૈયાને ક્યાંય આસક્તિ નથી. ગંગોત્રીમાંથી પ્રકટ્યા પછી વચ્ચે ક્યાંય અટક્યાં નથી. ગંગાસાગર સુધી, પોતાના અંતીમ ધ્યેયસુધી સતત ગતિ કરતાં જ રહે છે. અંતે સાગરમાં સમાઇને પોતાના અસ્તિત્વને વિલીન કરી દે છે. આપણી જીવન-યાત્રા પણ ગંગાજીની જેમ પ્રભુના પ્રેમસાગરમાં સમાઇને પૂરી કરવાની છે."

સવારે મંગલાના દર્શનથી આપણે સત્સંગજીવનની શરૂઆત કરી હતી તો સાયંદર્શનથી સમાપ્ત કરીને દિવસને ઉત્સવમય કરી પ્રભુમય જીવનની તૃપ્તિ માણીએ.

સાંજે ૮ થી ૯ માં મળતી સત્સંગસભામાં પૂ. મા પધાર્યાં છે. પૂ. માના દર્શનથી એમ જ લાગે કે જાણે પ્રભુના દૂત જીવોના



કલ્યાણનું ધ્યેય લઇને આ પૃથ્વીપરે વિહરી રહ્યા છે. પૂ. માની વાણી અને વર્તનમાં આ ધ્યેયનિષ્ઠાનાં દર્શન થાય છે.

સત્સંગમાં પધારે એટલે પૂ. મા સૌ પ્રથમ ગેલેરીમાંથી ગંગાજીને પ્રણામ અવશ્ય કરે અને પછી આસનપર બિરાજે. આજે આસનપર બીરાજતાં પૂ. મા પૂર્ણિમાને ભજન ગાવાનું કહે છે. પૂર્ણિમા ભજન ગાય છે.

આંખડી અધીર મારી આંખડી અધીર,
દર્શન કરવાને મારી આંખડી અધીર.

પૂર્ણિમાનું વ્યક્તિત્વ જ ભાવવાહી છે એટલે ભજનમાં પણ ભાવ સહજ વહી રહે છે. તેની વાણીમાં રહેલા ભાવને માણવામાં અદ્‌ભુત ભાવલીનતા અનુભવાય છે. એ ગાતી રહે એટલે આપણે સહજભાવની દુનિયામાં સરી પડીએ. અત્યારે આ ભાવસમાધિમાં સૌ ડૂબ્યા છે.

ભજન પછી બાપજી ધૂન ગાય છે.

મા, મા, માનું નામ મધુરું.

એક તો બાપજી જ મીઠા મધુરા પછી એમના કંઠમાંથી માનું મધુર નામ જ નીકળેને! સૌને નામસ્મરણની અનેરી મસ્તી ચડી છે. બાપજી પણ એ મસ્તીના રંગે રંગાઇને ઊભા ઊભા ધૂન ગવડાવી રહ્યા છે. વાતાવરણ તો એવું જામ્યું છે કે સ્વર્ગથી પણ ઊંચેરા કોઇ ભક્તિલોકમાં વિહરી રહ્યા છીએ.

પૂ. માના સાન્નિધ્યમાત્રથી જે વાતાવરણ સર્જાય છે તેવું પવિત્ર અને ભક્તિમય વાતાવરણ કરોડો ખર્ચવાથી પણ શક્ય બની શકે નહીં! પૃથ્વીપરનું ભક્તિરસ ભરપૂર મધુરું વૃંદાવન અહીં પૂ. માના સાન્નિધ્યમાં સર્જાયુ છે. આપણને સદ્‌નશીબે આ વૃંદાવનના વાસી થવાનું સૌભાગ્ય સાંપડયું છે.

ગંગાતટે બીરાજતાં પૂ. મા શ્રી ગંગાજીનો મહિમા ગાતા કહે, "ગંગાજીના સાન્નિધ્યમાં આવ્યા છો તો ભરપૂર સ્નાન ને પાન કરજો. ગંગાજીમાં સ્નાન કરતી વખતે પ્રાર્થના કરજો કે તનમનનાં મારા સર્વરોગ મટાડજો, મને આરોગ્ય આપજો, ભક્તિ આપજો. ગંગાજલનું પ્રસાદ માની પાન કરજો."

પૂ. મા પ્રસાદીનો સ્વાનુભૂતિનો પ્રસંગ વર્ણવતાં કહે, "પૂ. શ્રીએ અમને ફૂલની પ્રસાદી આપી હતી. એક વખત મારા હાથે સખત દુઃખાવો થતાં તે પ્રસાદીના ફૂલને ઊંડી શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના સાથે દુઃખતાં ભાગ ઉપર સ્પર્શ કરાવ્યો તો અમારા આશ્ચર્ય વચ્ચે સખત વેદના ગ્રસ્ત હાથ તૂર્ત જ મટી ગયો! તમે પણ આવી શ્રદ્ધાપૂર્વક ગંગાસ્નાન ને પાન કરજો તો જરૂર તનમનના રોગ મટાડશે. તમને નવા જીવનની બક્ષીશ મળશે."

પૂ. મા ચિંતનનું મહત્ત્વ સમજાવતાં કહે, "પશુઓ ખોરાક લીધા પછી વાગોળે છે. તેમ આપણે પણ સત્સંગ પછી તેને જીવનમાં પચાવવા માટે ચિંતન મનન કરવું જોઈએ. સત્સંગમાંથી જે સત્ય સમજાય તેને આપણા આચરણમાં અનુવાદિત કરવું જોઈએ. ફક્ત ઉપર ઉપરના ક્રિયાકાંડોથી કંઈ નહીં વળે. ગંગાતટે આવ્યા છો તો થોડા દિવસ શાંતિથી રહો. અહીંથી તહીં ભાગમ-ભાગ કરવાની નથી. ગંગાજીના પવિત્ર સાન્નિધ્યને ભરપેટ માણો. ગંગાકિનારે બેસી, જપ, ધ્યાન, માળા, ચિંતન કરો. અરે! બીજું કંઈ ન કરો તો ગંગાકિનારે બેસીને શાંતિથી ગંગાજીના પ્રવાહને જોયા કરો, તોપણ અદ્ભુત શાંતિ મળશે. ગંગાજીના આવા પવિત્ર સાન્નિધ્યની સાર્થકતા અનુભવવાની છે. આવા પવિત્ર વાતાવરણ-માં સ્થિર થયા વિના આધ્યાત્મિકતા અનુભૂતિનો વિષય બનતી નથી. શાંતિની પ્રાપ્તિની ઈચ્છાથી ગંગાતટે વાસ કરો. આવા પવિત્ર વાતાવરણમાં જે કંઈ વ્રત, તપ કરીએ તે જલ્દી ફળે છે, જીવનમાં



આવા દિવસો વારંવાર આવતા નથી. માટે તીર્થમાં વસી તીર્થમય બનો."

આજે ગંગાતટે પૂ. માના સાન્નિધ્યમાં બીજો દિવસ પૂરો થયો છે. પરંતુ એમ લાગે છે કે જાણે દુનિયા જ પલટાઈ ગઈ છે. ક્યાં એ દુન્યવી વ્યવહારોની ભાગદોડ, ક્યાં એ ક્લેશના કોલાહલની અશાંતિ અને ક્યાં આ પરમપ્રેમ અને શાંતિનું સામ્રાજ્ય! બહારની દુનિયાને ભૂલીને સત્સંગની અનેરી સૃષ્ટિમાં જાણે સરી પડયા છીએ! સવારથી સાંજ સુધી પળેપળ પ્રભુમય જીવનનો પરમાનંદ માણવા મળે છે. દિવસમાં ત્રણ વખત તો સમૂહ સત્સંગનો અનેરો લાભ પૂ. માના સાન્નિધ્યમાં મળે છે. બાકીના સમયમાં સૌ પોતપોતાના વ્યક્તિગત સ્વાધ્યાયમાં સતત પરોવાયેલા રહે છે. વૃંદાવન વિહારનો આનંદ અહીં સહજ જ પ્રકટી ગયો છે. જાણે બધું પ્રત્યક્ષ બની ગયું છે! પૂ. માના દર્શનમાં જ વિશ્વરૂપ દર્શન સમાઈ ગયું છે. પૂ. માના દર્શને જ આપણી અંદર અનેરી ભાવસૃષ્ટિ સર્જાય જાય છે. એ દર્શનના વિહારમાં જ પરમતૃષાની તૃપ્તિ અનુભવાય છે. પૈસાના પૂર વહાવવા છતાં જે સર્જી ન શકાય તે દિવ્ય ભાવોની સૃષ્ટિ પૂ. માના સાન્નિધ્યમાં સહજ સાકાર બની જાય છે.

ગંગાજીના પૂર સાથે પૂ. માના દર્શનનાં પૂર પણ અહીં નિરંતર વહ્યાં કરે છે. ગંગાસ્નાન તો ખરું, પરંતુ એ માતૃપ્રેમના પૂરને કોણ પહોંચી શકે?

કારણ?

તમે સાચે પ્રકટ પ્રભુ.

પાગલ મનડું મધુર તમારી, પાછળ મુગ્ધ થયું,
કૃપાતણી વર્ષા છો વરસે, ચરણે ચિત્ત ઠર્યું. તમે૦

# આત્મચિંતન

મૂળ લેખક : માર્ક્સ ઓરેલિયસ
અનુવાદ : પં. દેવકૃષ્ણ શાસ્ત્રી

(૧)

જીવનને એવી રીતે વિતાવો નહીં, જાણે તમે સેંકડો વર્ષ જીવવાના હો. મૃત્યુ બારણામાં ઊભું છે, કોઇ પણ વખતે ઘરમાં પ્રવેશ કરી શકે છે. એ માટે અત્યારથી જ તૈયારી રાખો. તમારા અંતઃકરણને સ્વચ્છ રાખો. બીજાઓએ શું કર્યું, શું વિચાર્યું, એવી નકામી વાતોમાં સમય ગુમાવશો નહીં. આત્મનિરીક્ષણ કરો અને ધર્મમાર્ગ પર ચાલો. એમ કરવાથી સમય નકામો નહીં જાય અને તમારું ભલું પણ થશે. આમતેમ જોશો નહીં. સામે જ નજર રાખીને ચાલજો.

મર્યા પછી તમારી કીર્તિ વધે તો સારું એવી લાલચમાં પડશો નહીં. જ્યારે તમે હશો નહીં ત્યારે તમારી બાબતમાં લોકો શું કહેશે એની તમારે શી ચિંતા? તમે એ વાતો તો નહીં સાંભળી શકો ને? બીજા જે જીવતા હશે એ સાંભળશે, પણ એમને એની શી પડી છે? આથી વિવેકપૂર્વક ધર્મને અનુસરીને વર્તો.

(૨)

સુંદર વસ્તુની સુંદરતાને કોઇ વખાણે કે નિંદે એથી એ વધતી ઘટતી નથી. જો આંખે દેખાતી સાધારણ વસ્તુઓની પણ આ જ વાત છે, તો પછી નીતિ, ન્યાય, સત્ય, પ્રેમ, વિનય વગેરે ગુણઓમાં રહેનારું સૌંદર્ય કોઇના વખાણવાથી વધે કે નિંદવાથી ઘટે એવું કેમ બને? માણેક કે મણિનાં કોઇ વખાણ ન કરે તો



એની સુંદરતા થોડી જ ઘટી જાય? સુવર્ણ, રેશમ, હાથીદાંત, સંગીત–વાદ્ય અને તલવાર તથા પુષ્પ વગેરેમાં સૌંદર્ય સ્વાભાવિક રીતે જ રહેલું છે.

(૩)

હે જગત! તને જે ઠીક લાગે એ જ મારા માટે ઠીક છે. તને જ્યારે લાગે કે આ વખત સારો છે, તો મારે એ કબૂલ છે. હે પ્રકૃતિ! તને પણ એમ જ કહું છું. તારામાં જ બધું ઉત્પન્ન થયું છે. તું જ બધી ચીજોનો આધાર છે. છેવટે બધું તારામાં જ સમાઇ જશે.

દુનિયા જગન્નિયંતાની રાજધાની છે. એથી જ દેશભક્તને પોતાના દેશ અને ગામ ઉપર પ્રેમ તથા ગર્વ હોવો જોઇએ.

એક મુનિએ કહ્યું છે કે, જો શાંતિ ચાહતા હો તો વધુ સંકલ્પ અને વ્રત કર્યા કરવાં એ ઠીક નથી. જે કામ બહુ જરૂરી હોય અને સમાજના હિતનું હોય એ જ કરો; જ્યારે કરવું જોઇએ ત્યારે કરો. કામનું સૂચિપત્ર લાંબું ન કરો. જે કાંઇ કરો એ સન્માર્ગથી વિરુદ્ધ ન હોય એ જુઓ. આપણે જે કાંઇ કરીએ છીએ, બોલીએ છીએ એ મોટે ભાગે કાંઇ મહત્ત્વનું હોતું નથી. વ્યર્થ વાતો છોડી દેશો તો વખત પણ બચશે અને મનને ગ્લાનિ પણ નહીં થાય. નકામી વાતો ન વિચારવાથી નકામાં કામોથી પણ આપણે બચી જઇશું.

એક પ્રયોગ કરો. જે કાંઇ તમને મળ્યું છે, એમાં સંતોષ માનો. તમને જે ભાગ મળ્યો છે એથી ખુશ રહો. બીજા માણસો ગમે તેમ બોલે પણ તમારાં કામો ન્યાયી હોવાં જોઇએ. તમારા હૃદયમાં પ્રેમ રહે. બીજાઓનાં હૃદય સાફ ન હોય તો એની ચિંતા ન કરો. આ પ્રયોગ કરી જુઓ. તમને જરૂર આનંદ થશે.

આ એક પ્રયોગ થયો. આટલું જો કે બસ છે. પણ એક બીજો પ્રયોગ પણ કરવા જેવો છે, તે એ કે શંકા દૂર કરો.

આ વાત સાચી છે કે તમને નુકસાન કરવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે. પણ નુકસાન તો ઊલટું એમને થયું, જેમણે તમને તકલીફમાં નાંખવાનું વિચાર્યું હતું. કદાચ તમને દુઃખ થયું પણ હોય, પણ તેથી શું? જે થવાનું હોય છે એ થયાવિના રહેતું નથી. એ અનિવાર્ય હોય છે. એથી આકુળવ્યાકુળ થવું ન જોઇએ. આયુષની અવધિ ટૂંકી હોય છે. હજી જે વખત તમારા હાથમાં છે, એનો સમજપૂર્વક ધર્મમાર્ગ પર ચાલીને લાભ લ્યો.

(૪)

આ વિશ્વ જગન્નિયંતાનું બનાવેલું હોય કે આણુઓના અકસ્માત મિલનથી બન્યું હોય, ગમે તેમ હોય, પણ નિયમબદ્ધ જરૂર છે. બ્રહ્માંડના છૂટાછવાયા જુદા જુદા અંશો એકબીજાથી આકર્ષિત અને એક નિયંત્રણથી બંધાયેલા છે. તમારામાં પણ એક નિયમ તો છે જ. આ બધાનું સંચાલન કરનાર ઈશ્વર અન્યાય કરી શકે નહીં.

(૫)

તમારા મનમાં કેટલા ખરાબ વિચાર, કેટલી ખરાબ ભાવના-ઓ ભરેલી છે? કેટલો ભય, કેટલી નિર્દયતા, કેટલી પાશવિકતા, કેટલી ક્રૂરતા, કેટલું આળસ, કેટલો લોભ અને કેટલી કૃપણતા છે?

(૬)

પરદેશી માણસ જ્યાં જાય છે ત્યાંની હકીકતોની તેને ખબર હોતી નથી. જે માણસ દુનિયાના કાનૂનોને માંનતો નથી, સમજતો નથી, એ દુનિયાને માટે પરાયો મનાશે. જ્ઞાનરૂપી આંખોનો જે



ઉપયોગ ન કરે એ આંધળો નહીં, તો બીજું શું છે? સુખપ્રદ સ્વાવલંબનને છોડીને જે બીજાને ભરોસે રહે છે એ દીન ભિખારી નહીં, તો બીજું શું છે? જે મૂળ કારણોથી આપણી સૌની ઉત્પત્તિ થઇ છે એ જ આપણાં કાર્યોનાં તથા અહીં બનતા બનાવોનાં પણ કારણ છે. કોઇ માણસ દુનિયા તરફ ઘૃણા કરે અથવા પોતાને બીજાઓથી જુદો માને એ કુલભ્રષ્ટ થાય છે. વિશ્વધર્મનું પાલન દરેકને માટે જરૂરી છે. તમારા આયુષના જે દિવસો બાકી રહ્યા છે એ દરમિયાન પરમાત્મા ઉપર ભરોસો રાખીને, એને જ બધું અર્પણ કરીને સંતોષથી રહો. તમને આ વાતની પ્રસન્નતા હોવી જોઇએ કે, 'હું ખરાબ માર્ગે ગયો નથી, મેં કોઇની સ્વતંત્રતા છીનવી લીધી નથી અને હું કોઇનો ગુલામ બન્યો નથી.'

(૭)

દુનિયાની કોઇ પણ વસ્તુ સ્થાયી નથી. ભૂતકાળમાં જે કાંઇ બન્યું એને આપણે એક વાર્તાની જેમ યાદ રાખીએ છીએ. છતાં થોડા દિવસો પછી એ પણ આપણે ભૂલી જઇશું. જ્યારે મોટા મોટા પ્રભાવશાળી માણસો પણ હંમેશને માટે ટકી શકતા નથી, ત્યારે સાધારણ માણસોનું તો કહેવું જ શું? જીવ જતાં જ લોકો તેને ભૂલવા માંડે છે. તટસ્થતા, શીલ, સત્ય અને ક્ષમા આ વસ્તુઓ જ સનાતન–ચિરસ્થાયી છે. જે સ્થિતિ આવી પડે એ રાજીખુશીથી સ્વીકારો.

(૮)

દુનિયાની આ બધી વસ્તુઓ કેમ પેદા થાય છે, કેમ ચાલી જાય છે, પાછી બીજે સ્વરૂપે કેમ પ્રગટે છે એ વાતનો વિચાર

કરો, મનન કરો. વીંખાઇ ગયેલી—નાશ પામેલી વસ્તુઓમાંથી નવી નવી વસ્તુઓ બનાવ્યા કરવી એ પ્રકૃતિનો સનાતન નિયમ છે. તૈયાર થયેલી ચીજોને બગાડવામાં અને બગડેલી ચીજોને બનાવવામાં પ્રકૃતિને હમેશાં આનંદ આવે છે. એ એનો ખેલ છે—એની લીલા છે. માટીમાં જે વવાય છે એ જ માત્ર બીજ નથી. આ સંસારમાં આપણે જે કાંઇ જોઇએ છીએ એ બધી વસ્તુઓમાંથી બીજી નવી નવી પેદાશો થતી રહે છે.

ઈશ્વર પર શ્રદ્ધા રાખીને જે જીવતા શીખ્યો તે અપરિગ્રહી. એવી વ્યક્તિને તે ઇચ્છે તો પૂર્વજન્મોનું જ્ઞાન થઇ શકે.

યોગેશ્વર


ઓ. : ૨૨૩૫૯૮ ૨૩૪૦૧૬

ફે. : ૩૬૨૪૩૭ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન

"સત્યવાન" તથા "ચંદન"

૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ

ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨




# તીર્થની તાકાત

યોગેશ્વરજી

ઇ. સ. ૧૯૪૯ ની વાત છે.

તે વખતે હું હિમાલયના દેવપ્રયાગ ધામમાંથી નીકળી કાશમીરના પ્રખ્યાત તીર્થ અમરનાથનું દર્શન કરવા માટે ગયેલો. બરફના ઊંચા ઊંચા પર્વતોની વચ્ચે વસેલા એ તીર્થના દર્શનથી મને એક પ્રકારનો અકથ્ય આનંદ મળ્યો. તીર્થસ્થાનની વાત બાજુએ મૂકીએ તોપણ એ પ્રદેશનું પ્રાકૃતિક સૌંદર્ય એટલું બધું અસાધારણ, અસરકારક અને હૃદયસ્પર્શી છે કે વાત નહિ. એનું અવલોકન કરી મન મુગ્ધ બની જાય છે!

કાશમીરને સૃષ્ટિનું સ્વર્ગ શા માટે કહેવામાં આવે છે, તેની સમજ તેના પરથી સહેલાઇથી પડે છે.

કાશ્મીરનો પ્રવાસ કરી હું કલકત્તા ગયો, અને ત્યાં થોડા દિવસ રહી પછી જગન્નાથપુરી તરફ પ્રયાણ કર્યું. આ ધામ પણ સુંદર નથી એવું થોડું જ છે? અલબત્ત હિમાલયની પેઠે ત્યાં હિમાચ્છાદિત કે અસાધારણ પર્વતો નથી, ગંગા પણ નથી, છતાં ગંગા જેમાં સમાવા અધીરી બને છે, અને બીજી નદીઓ પણ જેમાં પોતાના જલભંડાર ખાલી કરે છે, તે વિશાળ સાગર છે, અને આનંદમય એવી ભૂમિ છે. એ ભૂમિ સાથે સંકળાયેલો તથા સુષુપ્ત બની પડી રહેલો એવો ઇતિહાસ છે. એ ઉપરાંત વિશાળ, સ્વચ્છ અને સુંદર મંદિર છે. એને મંદિર કહો કે આધ્યાત્મિક પાવરહાઉસ કહો, બધું એક જ છે, કારણ એમાંથી કેટલાય

સાધકો ને પ્રવાસીઓએ ત્યાં આવી પોતાના તૃષા ભરેલા પ્રાણને એ પ્રેમપરબનાં પિયુષપાનથી પુલકિત, પ્રસન્ન ને પાવન કર્યા છે. એટલે તો એ મંદિરની ભારતમાંના મુખ્ય ચાર મંદિરોમાં ગણતરી કરેલી છે.

એ મંદિરના દર્શનથી મને આનંદ થયો. આનંદ થાય એ સ્વાભાવિક હતું. એ આનંદમાં દિવસો કોઇ પાણીના રેલાની જેમ પસાર થવા લાગ્યા.

પરંતુ એ જ દિવસોમાં મારા ચિત્તમાં એક ચિંતા પેદા થઈ, વાત એ હતી કે ત્યારે લગભગ દરેક નવરાત્રીમાં હું પાણી પર રહી વ્રત કરતો. હવે નવરાત્રીના દિવસો પાસે હતા, પરંતુ તે દિવસો મારે ક્યાં પસાર કરવા તેનો નિર્ણય નહોતો થઇ શકતો. ભાદરવો મહિનો તો ઝડપથી પસાર થઇ રહ્યો હતો. ક્યાં રહેવું તેનો નિર્ણય કરવો જ જોઇએ.

દેવપ્રયાગમાં જે મકાનમાં હું રહેતો હતો, મકાનમાં જ હું રહેતો હોત તો કોઇ મુશ્કેલી ન હતી. પરંતુ તે મકાનમાં રહેવાનું અશક્ય હતું. વરસાદના તોફાનને લીધે દશા બગડી ગઈ હતી. અને એની આજુબાજુના કાચા રસ્તા તૂટી ગયા હતા. તો પછી બીજે ક્યાં રહેવું? ઋષિકેશ જવું કે પછી ગુજરાત તરફ પ્રયાણ કરવું? કોઇ વાતના નિર્ણય પર નહોતું આવી શકાતું. છેવટે મેં એક ઈલાજ શોધ્યો. એ કામ ઈશ્વર પર છોડી દીધું. ભગવાન જગન્નાથના મંદિરમાં બેસી મેં સાચા દિલથી પ્રાર્થના કરી. 'પ્રભુ! લોકો તમારા દર્શન માટે દૂર દૂરથી અહીં આવે છે તે પ્રમાણે હું પણ પ્રેમભક્તિથી પ્રેરાઇ આવી પહોંચ્યો છું. હવે તમારામાં સાચ હોય તો ત્રણ દિવસમાં મારી ભાવના પૂરી કરો. મને સ્પષ્ટ રીતે



આદેશ આપો. મારે ક્યાં રહીને નવરાત્રીવ્રત કરવાનું છે? આ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરી.

એક દિવસ ગયો, બીજો ગયો, છતાં કાંઇ ન થયું. મારી ચિંતા વધી પડી, પરંતુ ઈશ્વરે કોના પર કૃપા નથી કરી? એને દ્વારેથી કોણ નિરાશ થયું છે? ત્રીજે દિવસે હું વહેલી સવારે પ્રાર્થના કરતો કરતો પથારીમાં બેઠો હતો, ત્યારે મારી સામે એકાએક શ્રી શારદાદેવી પ્રગટ થયાં, શ્રી રામકૃષ્ણ પરમહંસનાં પત્ની. એમણે મને કહ્યું, 'કેમ ચિંતામાં પડયા છો?

મેં કહ્યું, 'તમે જાણતાં નથી શું? નવરાત્રી ક્યાં કરવી તેની મને ખબર પડતી નથી.'

તેમણે કહ્યું, 'નવરાત્રીનું વ્રત પાણી જરૂર કરવાનું છે, અને બીજે ક્યાંય નહિ, દેવપ્રયાગમાં જ કરવાનું છે, ત્યાં ચાલો.'

મેં કહ્યું, 'આશ્રમની જગ્યા છો બગડી ગઇ છે.'

તેમણે કહ્યું, 'આશ્રમમાં નથી રહેવાનું, દેવપ્રયાગમાં મોટર-સ્ટેન્ડ પાસે જે શેઠનું મકાન છે, તેમાં રહેવાનું છે.'

મેં પૂછ્યું, 'તે મકાન ખાલી છે?

'ખાલી નથી તેમણે કહ્યું, 'એમાં એક અમલદાર રહે છે. પણ તમારી વ્યવસ્થા ત્યાં થશે, તમારે ત્યાં જ રહેવાનું છે, તે જ મકાનમાં.'

અને શારદાદેવી અદૃશ્ય થયાં. બધી વાત મેં મારાં માતાજીને કહી દીધી, તે મારી સાથે જ હતાં.

મંદિરમાં જઇ મેં સ્તુતિ કરી અને ભાદરવા વદ અગિયારસે અમે દેવપ્રયાગ જવા ચાલી નીકળ્યાં. ઈશ્વરે મને અણીને વખતે

ત્રણ દિવસમાં માર્ગદર્શન આપ્યું તેથી મારા જીવનમાં ઈશ્વર કૃપાનો એક વધારે યાદગાર પ્રસંગ ઉમેરાયો.

આપણા તીર્થોમાં ચેતન છે, તાકાત છે, કે કેવલ નિર્જીવ ને જડ છે? ઘણા લોકો તરફથી એવા પ્રશ્નો પૂછવામાં આવે છે તેમને હું સામેથી પૂછું છું, 'તમારામાં કોઇ પ્રકારની તાકાત છે? ચેતન છે? કે પછી તમે પણ નિર્જીવ કે જડ છો? તીર્થો જેવાં પહેલાં હતાં તેવાં જ આજે છે. પ્રાણથી ભરપૂર, પ્રેરણાત્મક ને શાંતિમય, ત્યાં જે દૈવી તત્ત્વ છે તે પણ એવું જ પ્રાણવાન છે. તમારામાં જરા જેટલી પણ યોગ્યતા હશે, તો તમારે માટે તે પ્રાણદાયક થઇ પડશે, નહિ તો નકામાં ને નિર્જીવ બનશે.

ક્યાં જગન્નાથપુરી ને ક્યાં દેવપ્રયાગ? ભારતવર્ષના બે છેડા, એક પૂર્વનો છેડો ને બીજો ઉત્તરનો એક બંગાળ અને બીજું હિમાલય. વચ્ચે એ બંને દૂર–સુદૂરના છેડાને સાંધી એક કરનારી ધરતી. એમાં કેટલાય ગામો ને કેટલાય નગરો. કેટલીય નદીઓ ને કેટલાય પર્વતો. કેટલી પ્રકારના રિતરિવાજ. કેટલાં પ્રકારના પહેરવેશ ને કેટલી ભાષાઓ? કેટલાં વન, કેટલાં ઉપવન, કેટલાં જંગલો! એ બધાં વચ્ચેથી પસાર થનારી ગાડી કહી રહી હતી કે દેશ આટલો બધો વિશાળ અને વિવિધતાથી ભરેલો હોવા છતાં એક છે, અખંડ છે, અવિભાજ્ય છે. એના અવયવ ભલે જુદા જુદા દેખાતા હોય, પરંતુ એનો આત્મા એક છે, એનું હૃદય એક છે, એની સંસ્કૃતિ, એનો શ્વાસોચ્છ્વાસ અને ધડકાર પણ એક જ છે. દેશનો પ્રવાસ કરનાર કોઇ વિચારશીલ સ્ત્રી–પુરુષ એ એકતા-નો અનુભવ કરી શકે છે.

એ એકતાનું દર્શન કરતો હું છેવટે દેવપ્રયાગની પુણ્યભૂમિમાં આવી પહોંચ્યો. ઋષિકેશથી લગભગ પિસ્તાલીસ માઇલ દૂર, બદરી-



નાથ જવાના માર્ગ પર, અલકનંદા અને ભાગીરથીના સંગમ પર વસેલું દેવપ્રયાગ આંખ અને અંતરને આનંદ આપી રહ્યું. દેવ-પ્રયાગમાં આવેલા મારા આશ્રમમાં તો જવાય તેમ ન હતું. તેથી મોટર સ્ટેન્ડની પાસે રહેતા એક ભાઇને ત્યાં મેં મુકામ કર્યો.

બીજા દિવસથી જ નવરાત્રી શરૂ થઇ. જગન્નાથપુરીમાં શારદાદેવીએ કરેલી સૂચના પ્રમાણે મેં કેવળ પાણી પર રહી ઉપ-વાસ પણ શરૂ કરી દીધા. છતાં મનમાં ચિંતા તો હતી જ. મકાન-નો પ્રશ્ન હજુ ઉકલ્યો ન હતો. પણ એમ કાંઇ ચિંતા કરીને બેસી રહે તે ચાલે? જે શક્તિ આટલે દૂર ખેંચી લાવી છે, તે બધી જરૂરી વ્યવસ્થા કરશે જ, એવો વિશ્વાસ હૃદયમાં કામ કરી રહ્યો હતો.

એ વિશ્વાસથી પ્રેરાઇ હું બીજા બે ભાઇઓને સાથે લઇ ઉપવાસને પહેલે જ દિવસે, આશ્રમ તરફ ચાલી નીકળ્યો. મને થયું, જોઉં તો ખરો કે આશ્રમમાં જવાનો રસ્તો છે કે નહિ? આશ્રમ મોટર સ્ટેન્ડથી પર્વતની અંદર પશ્ચિમ દિશામાં છેક જંગલમાં હતો અને ત્યાં જતાં રસ્તામાં એક શેઠનું મકાન આવતું હતું. એ મકાનમાં એક કાશમીરી રેશનીંગ ઇન્સ્પેક્ટર ભાડે રહેતા. તે વાતની જાણ મને દેવપ્રયાગ પછી થઇ હતી. એટલે જગન્નાથ-પુરીમાં શારદાદેવીએ દર્શન આપી જે કાંઇ કહ્યું હતું તેનો એટલો ભાગ તો સાચો ઠર્યો.

પરંતુ એથી શું? બીજો મહત્ત્વનો ભાગ હજુ બાકી હતો. શારદાદેવીએ કહેલું, 'એ ભાઇ મને પોતાની સાથે એ મકાનમાં રાખશે.' તે કેવી રીતે થઇ શકે? જો કે ઈશ્વર માટે કશું અસંભવિત નથી છતાં એ વિચાર મને સહેજે આવી ગયો.

એ વિચારમાં રમતો–રમતો આશ્રમ તરફના રસ્તા પરથી હું શેઠના મકાન આગળ પાછો આવ્યો, ત્યાં તો એક ઘટના બની.

મકાનના ઓરડા આગળનો પડદો ઊંચો કરી પેલા કાશ્મીરી ઈન્સ્પેક્ટર બહાર આવ્યા ને મને પગે લાગી કહેવા માંડ્યા : 'ઉસ આશ્રમમેં ક્યાં આપ હી રહતે હૈ?'

'મૈં કહ્યું : 'હાં, લેકિન અબ તો વહાં જાનેકા રાસ્તા હી બીગડ ગયા હય તો વહાં નહિ રહા જાતા.'

એ મને અત્યંત આગ્રહ કરીને મકાનની અંદર લઇ ગયા. એ જિજ્ઞાસુ હતા. મારી સાથે એમણે થોડી વાતચીત કરી અને પછી પોતાની મેળે જ કહેવા લાગ્યા : 'મેરી એક પ્રાર્થના હૈ.'

'ક્યાં?' મૈં પૂછ્યું.

'આપ યહાં હી રહીએ, ઈસી મકાનમેં. મકાન બહુત બડા હૈ, મુજે કોઇ તકલીફ નહિ હોગી.'

'મૈં કહ્યું, 'મકાન મોટું છે એ સાચું પણ આવતી કાલથી હું મૌન વ્રત રાખવાનો છું.' તે કહેવા માંડ્યા, 'મૌન રાખશો તેથી મારે શું? હું દિવસમાં એકાદવાર તમારું દર્શન કરીશ તોપણ મને આનંદ થશે.'

છેવટે એમના આગ્રહ આગળ મેં નમતું મૂક્યું. મારા કહેવાથી એમનો ફરનીચરવાળો મુખ્ય ખંડ એમણે મારે માટે ખાલી કરાવ્યો. એમના નોકરને મોકલી મારો બધો જ સામાન મંગાવી લીધો. એ દિવસે રાતથી મેં ત્યાં રહેવા માંડ્યું.

ઈશ્વરકૃપાની શક્તિ એવી અજબ છે એ કઇ જગ્યાએ ક્યારે કોને માટે કેવી રીતે કામ કરે છે એ એક કોયડો છે. બુદ્ધિ એને સમજી શકે છે ખરી, પણ એનો પાર પામી નથી શકતી, એ એક એવું રહસ્ય છે, જેનો ઉકેલ ઈશ્વરના ભક્તો સિવાય બીજા કોઈથી નથી કરી શકાતો. એ કૃપાનો લાભ લેવો હોય તો ઈશ્વરના ભક્ત



પ્રેમી કે શરણાગત બનો, અને જીવનને એને માટે જ વ્યાપન કરો, વાતો કે વાદવિવાદોથી કશું નહિ વળે. જીવનને એના રસથી રંગી દો, એટલે તમારી બધી ચિંતા ને સંભાળ એ રાખ્યા કરશે. મારો આવો અનુભવ છે.

મા શ્રી શારદાદેવીની સૂચના પ્રમાણે કાશ્મીરી ભાઇ સાથે હું એ મકાનમાં રહ્યો, અને નવરાત્રીના મારા ઉપવાસ પણ ત્યાં જ પૂરા થયા. દોઢ મહિનો એ મકાનમાં જ રહ્યો.

## પ્રભુની પાસે પહોંચી શકો

હિમાલયમાં ગંગોત્રીથી આગળના ભાગમાં એક મહાત્મા રહેતા હતા. અમે જ્યારે ગંગોત્રી ગયા ત્યારે તેમની મુલાકાત થઇ હતી. તેમના સ્થાનની પાસે ગંગાજી વહી રહ્યાં હતાં એટલે અમે ગયા ત્યારે એમણે અમને સત્કાર્યા. તેમના હાથમાં માળા હતી. આશ્રમમાં બીજા શિષ્યો પણ હતા. મહાત્માજીની ઉમ્મર ઘણી હતી. તે વારંવાર જગદીશ જગદીશના જપ કર્યા કરતા. સાંજ પડવાની તૈયારી હતી. એટલે અમે ઊઠવાની રજા લીધી, પણ તેમણે ખૂબ આગ્રહ કરી જમવા બેસાડ્યા. તેઓ ફ્લાહાર કરતા. શિષ્યોએ કહ્યું કે દિવસ દરમ્યાન જે કોઇ આવે તેમને જમાડવાનો તેમનો નિયમ છે. સાંજ પડ્યા પછી તે દિવસમાં એકવાર જમતા. બધામાં જગદીશનું દર્શન કરતા. એટલે જે આવે તેને જમાડવામાં તેમને આનંદ આવતો.

તમે પણ જો એકલપટો ના બનો ને બીજાને ખવડાવીને ખાવામાં આનંદ લો તો તમારું હૃદય વિશાળ, ઉદાર અને પ્રેમમય બની જાય, અને ખવડાવવાની આવી સાદી ક્રિયાદ્વારા, પ્રભુની પાસે પહોંચી શકો.

યોગેશ્વરજી

## * કેમ કરી લગની લાગે? *

કેમ કરી લગની લાગે,
જો પ્રેમ પાવન નહીં જાગે?

ચિત્ત ન ચોંટયું કથા શ્રવણમાં,
સત્સંગ કદી ના કીધો!
મમતાના મંડપમાં મ્હાલી,
રસ આકંઠ રે પીધો!
ઝેરના જામો અધરે રાખી સ્વાદ સુધાનો માંગે?
કેમ કરી લગની લાગે? ૧

આડા અવળા ડગલે ચાલી,
ઉબાણ મારગ લીધાઃ
મંજીરામની વાયરે લાગી,
સુખચેન હરામ કીધા!
ઉર ઉપવનની હરિયાળીમાં દવ દારુણ લાગે!
કેમ કરી લગની લાગે? ૨

— પરમાર્થી

○

સંસારમાં સ્ત્રી અને પુરુષના ભેદ ત્યાંસુધી જ અસ્તિત્વ ધરાવે છે, જ્યાંસુધી પુરુષમાં કામવાસના છે. એ મટી જતાં સ્ત્રી-પુરુષના ભેદ સાધકના જીવનમાંથી આપોઆપ દૂર થઇ જાય છે.

સ્વામી વિવેકાનંદ



## * અથવા *

આ સિન્ધુમાં ભરતી—ઓટ વિવર્ત પાણીનો,
પ્રકૃતિમાં દિવસ—રાત વિવર્ત કાળનો.
આ શ્રેય—પ્રેય જીવને, લહું જીવલીલા?
અદ્વૈત જીવ—શિવનું? અથવા વિવર્ત?

## * પ્રબુદ્ધ—બોધ! *

છે અગ્નિ જે દાહક, તે દઝાડતો.
તે અગ્નિ શેકે, દુઃખને શમાવતો,
કાંટેથી કાંટો, ક્ષમયા અ—ક્રોધઃ
સગુણ—નિર્ગુણ પ્રબુદ્ધ—બોધ!

## * વિ—સંવાદ *

સંકલ્પ રામાયણ જીવવાનો,
ત્યાં તો મહાભારત જામતું ઉરે!
પવિત્રના પંચવટીની પાસ,
સર્વસ્વનો નાશ પ્રપંચ પૂરે!

— ડો. રણજિત પટેલ (અનામી)

▭

રામાયણના પ્રસંગ પરથી

## * રામ–પાદુકા *

( ગાન )

રામપાદુકા સુંદર પુનિતા, સંત ભરતને દીધી.
રામે સંત ભરતને દીધી.

જાણે રક્ષક જીવનવ્રતના એ, દીક્ષામંત્ર અનોખો,
રામનયનની જ્યોતિ શો એ, અક્ષરદીપ અનોખો.
રામપાદુકા સુંદર પુનિતા, સંત ભરતને દીધી.
રામે સંત ભરતને દીધી.

જીવનરક્ષક, સંયમ સાધક, તપ જીવન શી સોહે,
પ્રેમપારસના પ્રતીક જેવી, રામજાનકી જાણે–
રામપાદુકા સુંદર પુનિતા, સંત ભરતને દીધી.
રામે સંત ભરતને દીધી.

ભક્તિપાવન પ્રતીક એ તે, સ્નેહસંપત્તિ સંઘરવા,
હૃદયસંદૂક શી સોહે, ભેટ બ્રહ્મની જાણે.
રામપાદુકા સુંદર પુનિતા, સંત ભરતને દીધી.
રામે સંત ભરતને દીધી.

'રા' ને 'મ' અક્ષરથી એ શોભે, પવિત્ર પદમા શોભે,
ધન્ય જીવનનો એ ય ખજાનો, અદ્દ્ભુત દિવ્ય અનેરો.
રામપાદુકા સુંદર પુનિતા, સંત ભરતને દીધી.
રામે સંત ભરતને દીધી.

— ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



# ૧૮ મી માર્ચની ઉજવણી

દર વર્ષની જેમ આ વર્ષે પણ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના નિર્વાણની પંદરમી પુણ્યતિથિ તા. ૧૮ માર્ચ, ૧૯૯૯ અમદાવાદ ખાતે ઉજવવાનું વિચારવામાં આવ્યું છે. શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી તેનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેનું સ્થળ છે શ્રી મધુરિકા હોલ, બેંક ઓફ બરોડાની નવરંગપુરા શાખા સામે, કોમર્સ કોલેજ પાછળ, અમદાવાદ. કાર્યક્રમ દર વર્ષની જેમ રહેશે.

## દેવપ્રયાગમાં નિદાનયજ્ઞ

પરમ પૂ. મા શ્રી સર્વેશ્વરીની સૂચના અનુસાર આ વર્ષે ૧૮ મી માર્ચ, ૧૯૯૯ ના રોજ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની સાધનાભૂમિ દેવપ્રયાગમાં રોગનિદાનયજ્ઞનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ માટેના આયોજનનો કાર્યભાર પરમ આદરણીય એવા પૂ. ગુરુદેવ અને પૂ. માના ભક્ત શ્રી લલિતાપ્રસાદજી (દહેરાદૂન), શ્રી મુનીન્દ્રજી બડૌની (હરિદ્વાર) તેમ જ ડો. વિજયભાઇ ભટ્ટ (ઋષિકેષ) સંભાળશે.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ વતીથી આ આયોજન કરાઇ રહ્યું છે. દેવપ્રયાગ અને તેની આસપાસની ગરીબ જનતા આનો સારો લાભ લે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

ટ્રસ્ટ તરફથી પૂ. શ્રીની જન્મભૂમિ સરોડા (જિ. અમદાવાદ) અને અંબાજી (જિ. બનાસકાંઠામાં) આ અગાઉ બે સફળ નિદાનયજ્ઞો યોજાઇ ગયા છે.

— તંત્રી

# ભગવાનની ભક્તિનો અધિકારી

(ભાગવતના આધારે) **નાનાભાઇ ભટ્ટ**

શુકદેવજી બોલ્યા : મહારાજ પરીક્ષિત! શ્રીકૃષ્ણ ગોકુળમાં રહ્યા તે દરમિયાન ગોકુળના ગોવાળિયા શ્રીકૃષ્ણને અને તેમના માહાત્મ્યને સમજી શક્યા હતા તે કરતાં ગોપીઓ તેમને વધારે સારી રીતે સમજી શકી હતી. ગોપીઓ આમ તો કેવળ અભણ; વ્યવહારમાં તદ્દન ભોળી અને રાતદિવસ ગાયોનાં છાણમૂતરમાં જ ઉછરેલી. પરંતુ આવાં ભલાં ભોળાં શ્રમજીવી લોકો જ ભગવાનની ભક્તિનાં વધારે અધિકારી હોય છે. જેમની બુદ્ધિ પંડિતાઇથી છકી ગયેલી નથી, જેમનાં મગજ અનેક સાચાખોટા તર્કવિતર્કથી ચગદાઇ ગયાં નથી, જેમની આંખે અભિમાનનો અંધાપો આવ્યો નથી, એવાં બાળકોના જેવાં નિર્મળ અંતઃકરણો પ્રભુનો પ્રકાશ જલદી ઝીલી શકે છે. ગોપીઓ આવી અધિકારી સ્ત્રીઓ હતી. સામાન્ય રીતે જગતમાં ભગવાનના ભક્તિમાર્ગમાં પુરુષોના કરતા સ્ત્રીઓનો અધિકાર વિશેષ હોય છે, તેનું પણ આ જ કારણ છે. ભગવાનના જીવનની આવી એક કથા તમને સંભળાવું.

એક વાર શ્રીકૃષ્ણ, બળદેવજી અને ગોવાળિયાઓ ગાયોને ચારતા ચારતા વૃંદાવનથી ઘણે દૂર નીકળી ગયા ને આખરે એક સ્થાને યમુનાના કાંઠા પર પહોંચ્યા. સૌને તરસ લાગી હતી એટલે સૌએ ધરાઇને પાણી પીધું પણ બપોરનો વખત થઇ ગયો હતો એટલે ભૂખ પણ કકડીને લાગી હતી અને સાથે ખાવાનું લાવ્યા ન હતા, એટલે ગભરાયા. ગોવાળિયાઓ ભૂખથી અકળાયા એટલે શ્રીકૃષ્ણે તેમને પાસે બોલાવી કહ્યું : "ભાઇઓ! તમે ગભરાઓ



નહિ. અહીં જરા દૂર વેદવેત્તા બ્રાહ્મણો સ્વર્ગ મેળવવા મોટો યજ્ઞ કરે છે. તમે ત્યાં જાઓ ને મારું તથા મોટા ભાઇનું નામ આપીને બ્રાહ્મણો પાસેથી ખાવાનું માગી લાવો."

શ્રીકૃષ્ણે આમ કહ્યું એટલે ગોવાળિયાઓ હરખાતા હરખાતા યજ્ઞભૂમિ પર ગયા ને ત્યાં નમસ્કાર કરીને કહેવા લાગ્યા : "હે ભૂદેવો! અમે જાતના ગોવાળો છીએ; અહીં નજીકમાં જ ગાયોને ચરાવીએ છીએ; આજે ભૂલમાં ને ભૂલમાં અમે ઘણે દૂર નીકળી ગયા છીએ ને ભૂખ્યા થયા છીએ. શ્રીકૃષ્ણ તથા બળરામ પણ અમારી સાથે છે. અમે તમારી પાસે અન્ન માગવા આવ્યા છીએ માટે અમને ખાવા માટે થોડું અન્ન આપો."

ગોવાળિયાઓએ આ પ્રમાણે બ્રાહ્મણોને નમ્રતાથી કહ્યું પણ બ્રાહ્મણો તો ઊલટાં ભવાં ચડાવી તેમની સામે ક્રોધ કરી ઊઠયા ને કેમ જાણે પોતાનો યજ્ઞ અભડાઇ જતો હોય તેમ તેમનો તિરસ્કાર કરી તેમને હાંકી કાઢયા. નિરાશ થયેલા ગોવાળોએ પાછા આવીને શ્રીકૃષ્ણને બધી હકીકત કહી. શ્રીકૃષ્ણે તે સાંભળીને ગોવાળિયાઓને ફરીથી કહ્યું : "ભાઇઓ! હરકત નહિ. આપણે માગવું છે તો રીસ શા માટે કરવી? તમે લોકો ગયા હતા ત્યાં જ ફરી પાછા જાઓ; ત્યાં પત્નીશાળામાં આ બ્રાહ્મણોની સ્ત્રીઓ હશે. એ સ્ત્રીઓ પ્રભુભક્ત છે એટલે એ તમને જરૂર અન્ન આપશે. તમે થાકી તો ગયા જ હશો પણ એક આંટો વધારે ખાઓ."

શ્રીકૃષ્ણનાં આવાં વચનો સાંભળીને ગોવાળિયાઓ યજ્ઞભૂમિ પર ગયા ને ત્યાં પત્નીશાળામાં જઇને સ્ત્રીઓને કહેવા લાગ્યા : "હે બહેનો! તમને અમે નમસ્કાર કરીએ છીએ. અમે ગોવાળો છીએ ને નજીકમાં જ ગાયોને ચરાવીએ છીએ. શ્રીકૃષ્ણે અમને

તમારી પાસે મોકલ્યા છે. અમે બહુ ભૂખ્યા થયા છીએ માટે અમને થોડું અન્ન આપો."

ગોવાળિયાઓનાં આવાં વચનો સાંભળીને બ્રાહ્મણપત્નીઓ એકદમ ઊભી થઇ, અને વિધવિધ પ્રકારનું અન્ન વાસણોમાં ભરીને બોલી : "ગોવાળિયાઓ! તમે આવ્યા તે બહુ સારું કર્યું. ચાલો, તમે થાકી ગયા હશો એટલે અમે અન્ન લઇને તમે જ્યાં હો ત્યાં જ આવીએ છીએ."

ગોવાળિયાઓને માટે અન્ન લઇને જતી બ્રાહ્મણ પત્નીઓને તેમના ધણીઓએ, ભાઇઓએ તેમ જ પુત્રોએ ઘણી ઘણી રોકી પણ સ્ત્રીઓએ કોઇનું કહેવું માન્યું નહિ અને ચાલી તે ચાલી. યમુનાના કાંઠા પર શ્રીકૃષ્ણ ગાયોને ચરાવતા હતા; તેમના શરીર-નો રંગ શ્યામ હતો; તેમણે પીળાં પીતાંબર પહેર્યાં હતાં; શરીરે પુષ્પો, પિચ્છો, ધાતુ, નવાંકુરો વગેરે લગાડયાં હતાં; એક હાથમાં કમળ ફેરવતા હતા, બીજો હાથ એક ગોવાળના ખભા પર મૂક્યો હતો; કાનમાં પુષ્પો ખોસ્યાં હતાં; મોઢા પર વાળ વિખેરાઇને પડયા હતા. અન્ન લઇને આવતી બ્રાહ્મણસ્ત્રીઓને જોઇને શ્રીકૃષ્ણ બોલ્યા : "માતાઓ! ભલે પધાર્યાં. બેસો. તમારી મને શી આજ્ઞા છે? તમે અમારા સૌ માટે અન્ન લાવ્યાં એ માટે અમે સૌ તમારા આભારી છીએ. હવે તમે પાછાં જાઓ. તમારા પતિઓ ને સગાંઓ તમારી રાહ જોતાં હશે."

શ્રીકૃષ્ણનાં આવાં વાક્યો સાંભળીને સ્ત્રીઓ બોલી : "યશોદા-ના કુંવર! અમારું આ અન્ન સ્વીકારો. અમારા પુરુષોએ તમારા ગોવાળિયાનું અપમાન કર્યું હોય તે માટે અમે ક્ષમા માગીએ છીએ. શ્રીકૃષ્ણ! અમે તો મૂર્ખ રહ્યાં એટલે અમારા પતિઓના



યજ્ઞમાં ને એ યજ્ઞની નાની મોટી વિગતોમાં શું જાણીએ? અમને તો આવા બધા યજ્ઞો શા માટે થાય છે તેની જ ખબર પડતી નથી. પણ અમારું અન્ન જો ભગવાનની મૂર્તિસમા આ ભૂખ્યા ગોવાળિઓના કામમાં ન આવે તો એ અન્નથી બીજો કયો મોટો અર્થ સરવાનો છે તે અમે સમજતાં નથી, માટે અમે તો આ અન્ન લઇને આવ્યાં. અમારે મન જગતનાં ભૂખ્યાં ને નાગાં એ ભગવાનની જ મૂર્તિઓ છે; આવાં ભૂખ્યાં ને નાગાંને જમાડવાં ને ઢાંકવાં એથી વધારે મોટો યજ્ઞ બીજો કયો હોઇ શકે? આ અમારી સાદી ભોળી સમજ છે. શ્રીકૃષ્ણ! અમારું આ અન્ન સ્વીકારો ને અમને પાવન કરો."

બ્રાહ્મણપત્નીઓના આવા ઉદ્‌ગાર સાંભળીને શ્રીકૃષ્ણ મુગ્ધ થઇ ગયા ને પ્રસન્ન થઇને બોલ્યા : "માતાઓ! તમારી સાદી સમજ એ જ ધર્મની સાચી સમજ છે. તમારા નિર્દોષ હૃદયમાં ધર્મનો સાચો આવિર્ભાવ થયો છે. તમારા પતિઓ વેદવેદાંતની જાળમાં ગૂંચવાઇ ગયા છે એટલે આવી સાદી સીધી વાત એમને ન સૂઝી! કર્મથી જડ થઇ ગયેલા લોકોને સહેજે આવું નથી સૂઝતું. તમે જઇને તમારા પતિઓને આ વાત ગળે ઉતારશો ત્યાર પછી તેમનો યજ્ઞ સાંગોપાંગ પૂરો થશે. તમારી આવી સમજવિના એ બ્રાહ્મણોનો યજ્ઞ ભગવાન સ્વીકારશે નહિ. હવે જાઓ. બહેનો, માતાઓ! આવી જ સાદી નિર્દોષ સમજથી નિરંતર સમાજના ધર્મનું રક્ષણ કરજો ને કર્મજડ પુરુષોને પડખે રહીને તેમની જડતાને કોમળ કરજો. જાઓ."

આટલું બોલીને શ્રીકૃષ્ણે બ્રાહ્મણપત્નીઓને રજા આપી ને પોતે સૌ ગોવાળિયાઓ સાથે ભોજન લીધું.

મહારાજ! ભગવાન પંડિતોના નથી, વેદવેત્તાઓના નથી, યોગીઓના નથી, પુરુષોના નથી એટલા ભોળા લોકોના છે, ભાવનાના છે, ભક્તોના છે, સ્ત્રીઓના છે. જગતભરમાં આજ સુધીમાં જ્યારે જ્યારે ભગવાન અવતાર લઈને આવ્યા છે ત્યારે ત્યારે સમાજના પુરુષોએ તેમને પિછાન્યા છે તેની અગાઉ સમાજની સ્ત્રીઓએ તેમને પિછાન્યા છે, એ શું બતાવે છે? વ્રજમાં પણ ગોપીઓએ જ ભગવાનને સૌથી વધારે પિછાન્યા ને સૌથી વધારે આવકાર્યા. ગોપીઓના આવા ઉત્કટ પ્રેમની અનેક કથાઓ અમે ભક્તો ગાઈએ છીએ ને મસ્ત બનીએ છીએ.

O

જીવનમાં કેટલીક વ્યક્તિઓનો મેળાપ જીવનની યાદગાર ઘટનારૂપ હોય છે અને તેને સદાની સ્મૃતિમાં ફેરવી નાંખવાનું કામ તસ્વીર કરે છે.

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૧



# ખૂલ્યો ખજાનો પરમાત્માનો–૩

ડો. બી. જે. જાગાણી

### ૧. પવિત્ર પ્રકાશ

નીચલા સ્તરોમાં વસતા 'ભાગી છૂટતા આત્માઓ બીજા સ્વર્ગમાં પ્રવેશી શકતા નથી. અહીંનું અપાર્થિવ તેજ જ તેઓ સહી શકતા નથી. આમ છતાં, નીચી કક્ષાના આત્માઓ માટે ઉચ્ચ દેવદૂતોને સંગાથે ઉપલાં સ્વર્ગમાં જવું શક્ય છે. આવા કિસ્સાઓમાં તેઓના દેવદૂત મિત્રોનો અતિપવિત્ર પ્રકાશ તેઓનું રક્ષણ કરે છે અનેતેમને માટે ઉપરના સ્વર્ગોની મુલાકાત લે છે. પોતાના મૂળ નીચલા સ્તરના રહેઠાણમાં પાછા ફરવાનું શક્ય બનાવે છે.

### ૨. સ્વાર્થ રહિત પ્રેમની વૃદ્ધિ :

બીજા સ્વર્ગમાં જીવનનો પ્રાથમિક પાયો સ્વાર્થરહિત પ્રેમ તેમ જ સેવાપરાયણ સ્વભાવનો હોવાથી અહીં નવા આવનારાઓમાં સ્વાર્થ વગરના પ્રેમની કેટલા પ્રમાણમાં વૃદ્ધિ થઈ છે તે ચકાસવા માટેની વ્યવસ્થા છે. આવી ચકાસણી કર્યા પછી જ કોઈ નવાં આવનાર સ્ત્રી અથવા પુરુષોની નિયુક્તિ કોઈ વિભાગમાં ખાસ કામ માટે કરવામાં આવે છે, જ્યાં તે સંતોષ અનુભવી શકે, પોતાનો આગળ વિકાસ સાધી શકે. અહીં એટલાં બધાં વિવિધ ખાતાં છે કે નવા આવનાર આત્માને હંમેશ કોઈ ને કોઈ કામ મળી રહે છે.

ધર્મરાજાના દરબારમાં જે પ્રમાણે ચકાસણી કરવામાં આવે છે તે જ પ્રમાણે ખાસ હોલમાં પણ આવશ્યક આધ્યાત્મિક કક્ષાની

ચકાસણી કરવામાં આવે છે. બીજા સ્વર્ગમાં આવતા બધા જ નવા આત્માઓ માટે આ પરીક્ષાઓમાંથી પસાર થવું પડે છે. બીજાઓની પણ આધ્યાત્મિક પ્રગતિની ગતિ જાણવા માટે, સમય સમય પર આવી ચકાસણીઓ થતી રહે છે.

### ૩. ત્રણ વિભાગ :

આ સ્વર્ગમાં ત્રણ મહત્ત્વના વિભાગો છે. ૧. પ્રેમના વિસ્તરણનો વિભાગ ૨. પરમાનંદ વિભાગ ૩. સમ પ્રકારની આધ્યાત્મિક ભાવનાનો વિભાગ.

૧. પ્રેમના વિસ્તરણના વિભાગમાં બીજા આત્માઓ પ્રત્યે પ્રેમ વહન થાય તે શીખવાય છે. આ વિભાગમાં માર્ગદર્શક દેવદૂતો રહસ્યમય રીતે પોતાના શરીરમાંથી નીકળતા પ્રેમના પ્રવાહોમાંના કેટલાક તણખા આત્માઓના શરીરમાં દાખલ કરી મદદ કરે છે. નવા આવનાર આત્માઓને અપાતી તાલીમના આવશ્યક ભાગરૂપે આ પણ એક પ્રવૃત્તિ છે. આ પહેલાં એમનો પ્રેમસ્વભાવ માપી લેવામાં આવ્યો હોય છે. તે પછી જ તેઓને નિયમિત રીતે કામમાં રોકાયેલા રાખવા માટે કોઈ યોગ્ય ખાતામાં નીમવામાં આવે છે.

૨. પરમાનંદ વિભાગમાં ભવ્ય અને ઉન્નત સૌંદર્ય સ્થાનો છે. બીજા સ્વર્ગમાં વસતા આત્માઓ આ અતિ સુંદર કુદરતી વિશાળ દૃશ્ય પ્રતિ નિરખવા અહીં વારંવાર જાય છે. આ દર્શનથી તેમને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. એથી થોડી ક્ષણો માટે તેઓ આસપાસના સૌંદર્યમાં રહેલ દિવ્ય ચેતનાની લાગણીના ગૂઢ અનુભવથી ઉન્નત બને છે. તેઓ નવરાશનો સમય ત્યાં ગાળે છે. કેટલીક વાર તેમના માર્ગદર્શક દેવદૂતો તેમને ત્યાં જોવા લઈ જાય છે કે



જેથી તેઓ (દેવદૂતો) જાણી શકે કે આસપાસના કુદરતી સૌંદર્યને નીહાળવામાં મગ્ન બનીને આત્માઓ પોતાની જાતને કેટલા સમય માટે ભૂલી જઈ શકે છે. આનાથી તેઓના માર્ગદર્શકો તેમની આધ્યાત્મિક પ્રગતિની મૂલવણી કરી શકે છે.

૩. સમ પ્રકારની આધ્યાત્મિક ભાવનાના આ વિભાગમાં વિશાળ મકાનો, મોટા હોલ, પ્રયોગશાળાઓ, સંગીત કેન્દ્રો, બગીચાઓ, જંગલો, વગેરેનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં બીજા સ્વર્ગના આત્માઓ રહે છે ને કામ કરે છે. અહીં આત્માઓ હોલમાં રહે છે. આવા હોલમાં એક જ પ્રકારની આધ્યાત્મિક ભાવનાવાળા આત્માઓ વસે છે. આ હોલમાં વસતા આત્માઓની સંખ્યા પૃથ્વી પરના મોટા શહેરની સંખ્યા જેટલી હોય છે.

### ૪. પૃથ્વી પરના આત્માઓને વિશેષ મદદ :

૪. ૧. પૃથ્વી પરના લોકોના મહત્ત્વના કાર્યો અને નિર્ણયોને આકાર આપવાનું ને નક્કી કરવામાં એક વિશાળ ભવનમાં ઘણા બધા આત્માઓ પ્રવૃત્ત હોય છે. આ સ્વર્ગના ભવનની અપાર્થીવ દિવાલો એવી છે કે ત્યાં કામ કરતા દરેક દેવદૂતને તેની જાણ છે કે પૃથ્વી પરના જે લોકોની સોંપણી તેને કરવામાં આવી છે, તેમના જીવનમાં શું સિદ્ધ કરવાનું છે. આ દેવદૂતો પૃથ્વી પરના લોકો ઉપર સદાચારની કુમારીકાઓ ઉતરતી કક્ષાના આત્માઓ મારફત પોતાની અસર પહોંચાડે છે. આ આત્માઓ મનુષ્યોની પાસે જાય છે અને રહસ્યમય રીતે તેઓના નિર્ણયો અને કૃત્યો ઉપર ધારી અસર પહોંચાડે છે.

૪. ૨. બીજા સ્વર્ગમાં એક ખાતું એવું છે કે જ્યાંના આત્માઓ પહેલા સ્વર્ગમાં રહેલા આત્માઓના ઉત્થાન માટે તેઓને

અહીં લાવવાનું કામ કરે છે. વિશેષમાં, તેઓ નીચે સ્તરોમાં દુઃખ-માં રીબાતા આત્માઓને મુક્ત કરવામાં બીજા ઉચ્ચ સ્વર્ગના દેવદૂતોને મદદ કરે છે. જ્યારે કોઇ ઉચ્ચ સ્વર્ગનો દેવદૂત અંધ-કારભર્યા કોઇ વિસ્તારમાંથી દુઃખથી રીબાતા આત્માઓના મદદ માટે પોકાર સાંભળી ત્યાં જાય છે, ત્યારે તે આવા આત્માઓને વચગાળાનો વિસ્તાર (Intermediary Zone) તરીકે ઓળ-ખાતા પ્રદેશમાં લાવે છે. આ પછી બીજા સ્વર્ગમાંના આત્માઓ આ વચગાળાના વિસ્તારમાં જઇ આ દુઃખી આત્માઓની દેખભાળ કરે છે અને પહેલા સ્વર્ગમાં લઇ આવે છે. ત્યારબાદ, અહીં તેઓને શ્રેષ્ઠ ને ઉન્નત સૌંદર્યવાળા સ્થાન બતાવી તેઓ ઉપર ઠસાવવામાં આવે છે કે ઈશ્વરની કરુણાના ચિંતનથી તેઓની આત્મશુદ્ધિ થશે અને તે પછી તેઓ પણ સ્વર્ગમાં રહી શકશે.

૪. ૩. બાળકોની આકૃતિરચના ખાસ પ્રકારની પ્રયોગશાળામાં તૈયાર કરવામાં આવે છે. આ પ્રયોગશાળામાં એવા જટિલ સાધનો હોય છે કે જેના પર ઘણા આત્માઓ કામ કરી શકે છે. પૃથ્વી પર જે બાળકો જન્મે છે તે બાળકોની આકૃતિઓ સર્વપ્રથમ આ પ્રયોગશાળામાં તૈયાર કરવામાં આવે છે. આ પ્રયોગશાળામાં પ્રથમ વિભાગમાં બાળકના ચહેરાની રચના થાય છે જ્યારે બીજા ભાગ-માં શરીરના જુદા-જુદા ભાગોની રચના થાય છે. આ પ્રયોગ-શાળામાં આકૃતિ બનાવવાના સાધનોની સામે અરીસાઓ હોય છે. આ યંત્રો સ્વયંસંચાલિત હોય છે. યંત્રની સ્વયંસંચાલન ક્રિયાના ખાસ તબક્કે આ યંત્ર સાથે જોડવામાં આવેલ અરીસામાં જન્મ-નાર બાળકનું આખું સ્વરૂપ પ્રતિબિંબિત થાય છે. આ અરીસામાં જે બાળકની આકૃતિ તથા શરીર બરાબર છે તેમ જણાય એટલે તુરત જ ત્યાં કામ કરતા દેવદૂતો પ્રતિબિંબિત સ્વરૂપોને તેઓને



લગતા પૃથ્વી પરના માનવ શરીર—સ્ત્રી શરીરના ગર્ભાશયમાં પહોંચાડી દે છે. પોતાની આત્મિક શક્તિનો ઉપયોગ કરીને દેવદૂતો આ કામ કરવા શક્તિમાન થાય છે. પ્રાણીઓ, પક્ષીઓ વગેરેની રચના પણ અહીં થાય છે.

**૫. ચર્ચાસભા :**

દેવદૂતોને કામ કરવામાં મુશ્કેલી ઊભી થાય તો આ સ્વર્ગમાં બધા દેવદૂતો એક ખંડમાં એકત્રિત થાય છે. પોતાની મુશ્કેલી રજૂ કરે છે. આ સ્વર્ગમાં વસતા આત્માઓની પરિસ્થિતિ સુધારણા માટે વિવિધ પગલાંઓની ચર્ચા અને આયોજન હાથ ધરવામાં આવે છે. ઉપલાં સ્વર્ગમાંના દેવદૂતોને આમંત્રણ આપી ચર્ચા-સભાઓ બોલાવી તેમની મદદ લેવામાં આવે છે.

(ક્રમશઃ)

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
"સ્વર્ગારોહણ"
**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

જ્ઞાન અને વૈરાગ્યની પ્રાપ્તિ કાંઇ સહેલાઇથી નથી થતી. તે માટે સાધનાની જરૂર પડે છે. સાધના-ની મદદથી મન ધ્યેયના અનુભવમાં એકાગ્ર થાય છે, ત્યારે પ્રકૃતિ તેમ જ પુરુષ સંબંધી જ્ઞાન મળે છે, ત્યારે પરવૈરાગ્ય સહજ બને છે.

યોગેશ્વરજી


સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩




# પ્રેરક પ્રસંગો

ઝિંઝુવાડિયા કનૈયાલાલ

કહળસંગનો મા–બાપની સેવા તથા ઈશ્વરાભિમુખ જીવનક્રમ ચાલી રહ્યો હતો. એક સવારના કાળુભાર નદીમાં વહેતા નિર્મળ જળમાં કહળસંગ સ્નાન કરી રહ્યા હતા. માત્ર એક પનિયું પહેરેલ કહળસંગ ઊંડા પાણીમાં ડૂબકી મારી આનંદ માણી રહ્યા હતા.

જળની સપાટી ઉપર આવતાં કહળસંગે તેને જે અવધૂત યોગી પહેલાં મળેલ તે યોગીને નદીના કનારે ઊભેલા જોયા. જેવું કહળસંગનું મુખ પાણીની બહાર આવ્યું કે અવધૂત યોગી બોલ્યા : 'બચ્ચા, એક પનિયાની જરૂર પડી છે તે લેવા આવ્યો છું.

કહળસંગે કહ્યું : 'સ્નાન કરી, ગામમાં જઈ આપને નવું પનિયું અપાવીશ.'

અવધૂત યોગીને જાણે કે સંતોષ ન થયો. તેમણે અધીરા બની કહ્યું : 'બચ્ચા, મારી પાસે એટલો સમય નથી. જો પનિયું આપવું જ હોય તો અત્યારે અહીં જ આપ, નહિતર હું આ ચાલ્યો.'

ક્ષણભર વિમાસણમાં રહી મનમાં નિર્ણય કરી કહળસંગે પોતે પહેરેલ એક માત્ર પનિયું કાઢી પાણીમાં છબ–છબાવી, નીચોવી તેનો અવધૂત યોગી તરફ ઘા કર્યો. અને પોતાની નિર્વસ્ત્ર કાયા ઢાંકવા ઊંડા જળમાં જતા રહ્યા. કોઇ નીકળે તો તેને બોલાવી ગામમાંથી બીજું વસ્ત્ર મંગાવી લેવા વિચારી રહ્યા.

કહળસંગ વિશેષ કંઇ કહે તે પહેલાં તો અવધૂત પનિયું લઇ ઉતાવળા પગલે જતા રહ્યા હતા.

પોતાની દાનવૃત્તિની પરીક્ષા કરવા આવ્યા હશે કે પોતાને ગિરનાર જવાની યાદ દેવડાવવા આવ્યા હશે તેવા વિચારમાં કહળસંગ હતા. તેવામાં ગામનો એક જણ થોડે દૂરથી નીકળતાં તેને બોલાવવા પાણીની સહેજ ઉપર ઊઠવા, જતાં તેમનો હાથ પોતાની કેડ ઉપર જતાં તેમના આશ્ચર્ય સાથે કેડે પનિયું વીંટાયેલું અનુભવ્યું.

કહળસંગને ખાતરી થઇ કે અવધૂત યોગી પોતાને ગિરનાર જવાની યાદ દેવડાવવા જ આવ્યા હતા.

### પ્રસાદ

મા આનંદમયીને એક વાર કોકે પ્રસાદ વિષે પ્રશ્ન કર્યો. માએ જવાબ આપ્યો, 'પ્રસાદ એટલે પ્રસન્નતા.' ભગવાનને જે નૈવેદ્ય કરીએ છીએ તે નિવેદન છે. તે પ્રસાદ છે. નિવેદન કરવાથી ભોગની અશુદ્ધિ દૂર થાય છે અને તે શુદ્ધ થાય છે. તે પ્રસાદ. તેને પ્રાપ્ત કરનારને પ્રસન્નતા સાંપડે છે. ભગવાન બધાને આપે છે અને ખવડાવે છે. જે ભગવાન છે,–ભગવાન એટલે ભાગ્યનું નિર્માણ કરનાર જે છે–તે જ ભોગ, ભોગ્ય અને ભોક્તા બધું છે. તેના સિવાય બીજું કશું નથી. પીરસનાર અને જમનાર, ભોગ ધરાવનાર અને ભોગ આરોગનાર બધું એ જ છે. બીજું કોઇ નથી.

ભગવાનને નિવેદન કરવાથી, નૈવેદ્ય કરવાથી, ભોગ ધરવાથી એ પ્રસાદ બને છે. પ્રસાદ પ્રાપ્ત કરી તમે પ્રસન્ન થાઓ છો, એ વાત તો સ્પષ્ટ છે. આપણામાં આંતરિક પ્રસન્નતા તો છે જ. આત્મા પ્રસાદ પ્રાપ્ત કરી વિશેષ પ્રસન્ન થાય છે. પ્રસાદ પ્રાપ્તિ પછી મનના જે આવરણો છે તે દૂર થાય છે અને સાચી પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. ભગવાનને તમે નિવેદન કરો. નિત્ય નૈવેદ્ય કરતાં કરતાં તમે સ્વતઃ પવિત્ર થશો. આટલું કહી માએ એક દૃષ્ટાંત આપ્યું:–



"એક ભક્ત હતો. તે નિયમિત ભગવાનની પૂજા કરતો. એક વાર એને બહારગામ જવાનું થયું. એણે પોતાના બાળકને કહ્યું, 'અમે બહારગામ જઇએ છીએ. તું રોજ ઠાકોરજીની પૂજા કરજે અને ભોગ ધરાવજે.' બાળકે માથું હલાવ્યું. મા–બાપ બહારગામ ગયાં. બાળકે પિતાજીની આજ્ઞા પ્રમાણે ઠાકોરજીની પૂજા કરી અને પછી ભોગનો થાળ ભગવાન સામે મૂકી તેણે નિવેદન કર્યું. 'ભગવાન! ભોગ આરોગો.' પણ બાળકે જોયું કે ભગવાન ભોગ આરોગતા નથી અને થાળ એમનો એમ પડયો છે. બાળકે આજીજી કરી, કાલાવાલા કર્યાં, પણ ભગવાને ભોગ ન જ ગ્રહણ કર્યો. એટલે તેણે વિચાર્યું. 'ભગવાન ન ખાય તો મારાથી શી રીતે ખવાય? તેણે તે દિવસે ન ખાધું. બીજે અને ત્રીજે દિવસે પણ એમ જ બન્યું. ત્રણ દિવસ સુધી ન ભગવાને ભોગ લીધો કે ન બાળકે પ્રસાદ ગ્રહણ કર્યો. એને ચિંતા થઇ. 'પિતાજીએ ત્રણ દિવસ પછી આવવાનું કહ્યું છે. એ આવશે અને ભગવાનને મેં જમાડયા નથી એમ જાણશે તો મને વઢશે. ભગવાન જમતા નથી. પિતાજીને હું શો જવાબ આપીશ?' એ ઊંડી ચિંતામાં ડૂબી ગયો."

બાળકે ફરી ભગવાનને ભોગ લેવાની વિનવણી કરી, 'ભગ-વાન, હવે તો નૈવેદ્ય લો! તમે આજે જો નહિ લો તો હું તમને

ડંડો મારીશ.' આમ કહી એ બાળક ભગવાનની મૂર્તિ સામે બેસી ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો અને કહેવા લાગ્યો. 'ભગવાન, મને શા માટે પજવો છો? કેમ નથી ખાતા? મારા બાપાના ક્રોધભર્યા ઠપકાથી મને શા માટે નથી બચાવતા? બોલોને ભગવાન! બોલો!' બાળકના આર્દ્ર પોકારથી ભગવાન દ્રવી ગયા. ત્યાં એ પ્રગટ થયા અને પ્રેમથી બાળકનું નૈવેદ્ય સ્વીકાર્યું. એમને આરોગતા જોઈ બાળક તો રાજી રાજી થઈ ગયો. એ બોલ્યો. 'ભગવાન, થોડો પ્રસાદ મારા માટે રાખજો.' ભગવાને મલકતાં મલકતાં થોડો પ્રસાદ મૂકી દીધો અને પછી અલોપ થઈ ગયા. બાળકે હોંશે હોંશે એ પ્રસાદ ખાધો.

તે જ દિવસે સાંજે બાળકના માતા-પિતા બહારગામથી પાછા ઘેર આવ્યા. તેમણે બાળક પાસેથી વિગતવાર નૈવેદ્યની વાત સાંભળી. સાંભળતાં જ પિતા તો અવાચક બની ગયા. આ શું? ભગવાન પોતે મારા પુત્ર સમક્ષ પ્રગટ થયા અને ભોગ આરોગ્યો? તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. દોડીને ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને એટલી જ યાચના કરી. 'ભગવાન, મને મારા બાળકની સરળતા આપો. શ્રદ્ધા આપો. સમર્પણ આપો."

### માથા પર મોતનો પડછાયો દેખાયો!

શ્રી દિલીપકુમાર રોય.

લ કરીને અમારા એક મિત્ર હતા. બહુ ભલા માણસ, પણ દુઃખની વાત એ કે વૃદ્ધવયે પણ તેમને ધન, કુટુંબ વગેરે દુન્યવી બાબતોમાં અતિ આસક્તિ હતી. તેઓ ઘણી વખત મને દુન્યવી ચીજોની આસક્તિ અને એ આસક્તિમાંથી નીપજતી ચિંતાઓ-માંથી કેવી રીતે છૂટવું તે પૂછતા. એટલે મને એમના પર ઘણો



ભાવ હતો. જવાબમાં હું એમને કહેતો કે જો માણસે સાચી મુક્તિ અને સાચું સુખ પ્રાપ્ત કરવું હોય, તો એણે કેવળ મનથી નહિ પણ કાર્યથી પણ ઈશ્વરને માટે જીવવું જોઈએ, અને નહીં કે પોતાના કુટુંબ અને છોકરાં માટે! પણ એમને આ સલાહ માફક આવે એમ નહોતી. એમને એમ જ હતું કે થોડું ઘણું ધ્યાનમાં બેસીએ અને આધ્યાત્મિક વાતો કરીએ, એટલે ભયોભયો! નવેમ્બર ૧૯૫૭ માં અમે કલકત્તા હતાં, (શ્રી રોય અને ઈંદિરાદેવી) તેવામાં અમને ખબર મળ્યા કે શ્રી લને હૃદયરોગનો ગંભીર હુમલો થયો હતો. કલકત્તાથી પૂણે પાછા આવ્યા પછી ડીસેમ્બરની પહેલી તારીખે અમે એમને ઘેર એમની ખબર કાઢવા ગયાં. તેઓ તદ્દન સ્વસ્થ અને સાજાતાજા દેખાતા હતા, અને હવે કશો ભય નથી એમ કહેતા હતા. પરંતુ એમને મળી અમે બહાર નીકળ્યાં કે તરત ઈંદિરાએ મને કહ્યું કે શ્રી લના માથા પર એને કાળો પડછાયો દેખાયો હતો! તેણે દુઃખપૂર્ણ સ્વરે કહ્યું, 'દાદા, મને બીક લાગે છે કે એમના પર ફરી હૃદયરોગનો હુમલો થશે. મને પણ આ સાંભળી દુઃખ થયું, કારણ કે અમે બંનેએ જોયું હતું કે હજી પણ તેઓ એમની આસક્તિની સંકુચિત દુનિયાને વળગી રહ્યા હતા.

ચાર દિવસ પછી ડીસેમ્બરની પાંચમી તારીખે મધરાતના સમયે એમનું અવસાન થયું. અમને ખૂબ દુઃખ થયું. કારણ, ભગવાને એમને એક તક આપી હતી, પણ તેમણે એનો લાભ લીધો નહિ. બેક દિવસ પછી, ઈંદિરા ધ્યાનમાં બેઠી હતી, ત્યાં અચાનક શ્રી લએ ત્યાં દેખા દીધી. એ ખૂબ ચિંતાગ્રસ્ત દેખાતા હતા. ઈંદિરાએ જ્યારે એમને એનું કારણ પૂછ્યું, ત્યારે એ વિહ્વળ બની ગયા અને કહે : 'નવા ઘરમાં હું દાખલ થઈ શકતો નથી. મારી પાસે ચાવી નથી!'

'કદાચ તમે એ ઘેર ભૂલી ગયા હશો!' ઇંદિરાએ સૂચવ્યું. 'ના, ના! જૂની ચાવીઓ, જે મેં રત્નાને આપી છે તે અહીં નહિ ચાલે!'

'તો શું કરશું?' ઇંદિરાએ પૂછ્યું.

'દાદાજીને કહો. એમની પાસે નવી ચાવીઓ છે.' આમ કહી એ જેમ પ્રગટ થયા હતા તેમ અદૃશ્ય થઇ ગયા.

થોડા દિવસ પછી એમનો મોટો દીકરો બાપનો હિસાબ–કિતાબ સંભાળવા કલકત્તાથી આવ્યો; તે મને મળવા આવ્યો. વાતવાતમાં એણે અમને કહ્યું, 'પહેલા હુમલા પછી મારા પિતા બહુ ભડકતા હતા. તેઓ નર્સિંગ હોમમાં હતા. મને કહે કે મેં મને મરેલો જોયો. હું પાગલ બની બારણા ખટખટાવતો હતો, પણ બારણા ઊઘડતાં નહોતાં અને મારી પાસે ચાવી નહોતી.' બીકથી હું બહાવરો બની ગયો હતો. હું એકલો પડી ગયો હતો. જાગ્યો ત્યારે મારું આખું શરીર પરસેવાથી રેબઝેબ હતું!'

મેં એને પૂછ્યું કે રત્ના કોણ છે? એણે કહ્યું કે એ મારી પત્ની છે, અને મારા પિતાએ મરતાં પહેલાં એને ઘરની ચાવીઓ આપી હતી!

મને હમેશાં એવું લાગ્યું છે કે શ્રી લ જે ચાવીઓ માગતા હતા તે પરલોકનો દરવાજો ઊઘાડવાની ચાવીઓ હતી. એમને માટે પ્રાર્થના કરવાનું મને મન થયું, અને મેં ખરા દિલથી એ પ્રાર્થના કરી. તે પછી તેઓ ઇંદિરા સમક્ષ દેખાયા નથી, એમના આત્માને શાન્તિ મળી ગઇ હશે એ જાણી મને સંતોષ થયો.



# સાચા વૈષ્ણવની પરીક્ષા

પ્રા. રમેશભાઇ વિ. પરીખ

શ્રી ગોકુલનાથજીના અનન્ય કૃપાપાત્ર સેવક કલ્યાણ ભટ્ટ. પુષ્ટિમાર્ગને સમજવાની સતત જિજ્ઞાસા, વિનમ્રતાથી તેઓ શ્રી ગોકુલનાથજીને વારંવાર પ્રશ્ન કરે. શ્રી ગોકુલનાથજી હળવી શૈલીમાં ગંભીર રહસ્યો સમજાવે.

એક દિવસ કલ્યાણ ભટ્ટે પૂછ્યું, 'કૃપાનાથ તાદૃશી (સાચો) વૈષ્ણવ કેવો હોય?'

જવાબ મળ્યો. તાદૃશીને માથે શીંગડાં નથી હોતાં. ક્યારેક દર્શન કરાવીશ.

આખરે એવો દિવસ આવ્યો. શ્રી ગોકુલનાથજીનો જન્મ-દિવસ. વૈષ્ણવો એમને પ્રાણથી પ્યારા. ગોકુલના સૌ વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવવાનો આપશ્રીએ મનોરથ કર્યો. સૌ આવ્યો. પંગત પડી. પાતળ પીરસાવા લાગી. શ્રી ગોકુલનાથજી પધાર્યા. જય બોલાઇ. પ્રસાદ લેવાની શરૂઆત થઇ.

એક વૈષ્ણવે વિનંતિ કરી, 'કૃપાનાથ, આ વૈષ્ણવ પ્રસાદ નથી લેતા. આ પ્રસંગે રડે છે.

શ્રી ગોકુલનાથજી તે વૈષ્ણવ પાસે થંભી ગયા. વાત્સલ્યથી પૂછ્યું, વૈષ્ણવ શું થયું?'

ડૂસકાં વચ્ચે વૈષ્ણવ બોલ્યા, 'જે જે, મારા ઠાકોરજીને આજે હું શાકરોટી આરોગાવી આવ્યો છું. આપની આજ્ઞા થતાં હું અહીં

મહાપ્રસાદ લેવા આવ્યો છું પણ મારા શ્રી ઠાકોરજીએ આ પાતળની સામગ્રી આરોગી નથી. તેથી તે લેવા મારો હાથ ઉપડતો નથી.'

શ્રી ગોકુલનાથજીએ આજ્ઞા કરી, 'વૈષ્ણવ, તમને ધન્ય છે. તમે પુષ્ટિભક્તિ પચાવી છે. હું તમારા ઉપર પ્રસન્ન છું. તમે સુખેથી તમારે ઘરે જાવ.

વૈષ્ણવ આંસુ લૂછી નમી પડયા. (પાતળ પરથી ઊઠી) ઘર તરફ જવા પગ ઉપાડયા.

શ્રી ગોકુળનાથજી તેમની પાછળ ઊભેલા કલ્યાણ ભટ્ટ તરફ ફર્યા અને આજ્ઞા કરી, 'આ તાદૃશી (સાચા) વૈષ્ણવ કોટિમાં. એવા વીરલા કોક જ હોય.'

શ્રી યોગેશ્વર કૃપા
સંદીપ વેલ્ડીંગ વર્ક્સ
ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭
ફોન : ૨૨૮૨૩૧



# બોધકથાઓ

એક સાધક

## મહાપુરુષની પરોપકાર વૃત્તિ

એક મહાપુરુષ હતા. તપનિષ્ઠ અને યોગી હતા. ગુણ અને કર્મે પણ મહાન હતા. તેમણે ઉગ્ર તપ કર્યું.

તપ પૂર્ણ થતાં શ્રી ગણપતિજીએ દર્શન આપ્યાં અને કહ્યું, હે તપસ્વિ! આપની સાધનાથી ભોળાનાથ શિવજી પ્રસન્ન થયા છે અને મને મોકલ્યો છે. કહ્યું છે કે આપ વરદાન માગો.

મહાત્માએ કહ્યું. હે ગજાનન! મેં કાંઇ વરદાન માંગવા સાધના અને તપશ્ચર્યા કરી નથી. હું તો મારા અંતઃકરણમાં રહેલા કલ્મષ ધોઇ રહ્યો હતો. જેથી આત્મા સ્વચ્છ થતાં પરમાત્માનાં દર્શન કરી શકું. જ્યારે દર્શન થશે ત્યારે સમજીશ કે વરદાન મળી ગયું. અત્યારે માંગવાનો કોઇ અર્થ નથી."

આ સાંભળી ગણેશજી સમજાવવા લાગ્યા કે હે મહાત્મા! સાધક પાસે સિદ્ધિ તો હોવી જ જોઇએ. જેથી લોકોનો વિશ્વાસ વધે. તપસ્વીએ નમ્રતાપૂર્વક કહ્યું, હે પ્રભુ! મેં લોકોને બતાવવા તપ કર્યું નથી. વળી સિદ્ધિઓ પ્રાપ્ત થતાં મારું અભિમાન વધશે. પૂજા અને પ્રસંશા લોકો કર્યા જ કરશે. તેથી મારું પોતાનું કલ્યાણ કરવામાં અવરોધ ઊભો થશે. તેથી આપ આપના સ્થાને પધારો. આ સાંભળી ગણેશજી મૌન બની ચાલ્યા ગયા. કૈલાસમાં જઇ ભગવાન મહાદેવને આ વાત કહી.

આ સંતની મહાનતા જોઇ સ્વયં ભગવાન શંકર આવ્યા અને

તપસ્વીને સમજાવતાં કહ્યું. હે તપોનિષ્ઠ! આમાં દાતાનો તિરસ્કાર ગણાય. વળી સાધનાથી સિદ્ધિનો સિદ્ધાંત ખોટો પડે માટે આપના માટે નહિ તો જનકલ્યાણના પરોપકાર માટે પણ કાંઇ માંગો.

આ સાંભળી મહાન સંતે માંગ્યું. હે દેવાધિદેવ મારો પડછાયો જ્યાં પડે ત્યાં કલ્યાણ થાય.

ભોળાનાથ કહે, તથાસ્તુ! એમ કહી કૈલાસમાં પધાર્યા.

હવે જ્યાં આ સંત જાય ત્યાં પડછાયો પણ હોય જ. જ્યાં પડછાયો પડે ત્યાં સૂકાં ઝાડ લીલાં થઇ જાય, ખાલી તળાવ ભરાવા લાગ્યાં, રોગીઓ તંદુરસ્ત થયા, રુદનની જગ્યાએ હાસ્યવિનોદ થવા લાગ્યા. આમ સંતે પોતાના માટે નહિ, પરંતુ બીજાઓના કલ્યાણ માટે કેવું સરસ વરદાન માગ્યું? ધન્ય હો આવા પરોપકારી સંતને!

## કાલની ચિંતા છોડો

એક મંડળ સમુદાયના. અગ્રણીએ પૂ. તથાગતને પૂછ્યું, હે દેવ! આપના શિષ્ય મંડળના બધા સભ્યોની દિનચર્યા કઠણ અને કષ્ટદાયક છે. કોઇવાર ભોજન મળે અને ન પણ મળે. પગે ચાલીને લાંબી યાત્રા કરે છે. જમીન ઉપર સૂવે છે છતાં આપનો સમુદાય હંમેશાં પ્રસન્ન રહે છે. જ્યારે અમારે સગવડ હોવા છતાં અમે દુર્બળ અને ઉદાસ રહીએ છીએ. આનું કારણ આપ મને કહેશો? ભગવાન તથાગત હસીને બોલ્યા 'જુઓ! સંતો હમેશાં ફક્ત આજના ગુજરાન પર સંતુષ્ટ રહે છે. તેમને કાલની ચિંતા હોતી નથી. જેને હંમેશ કાલની ચિંતા રહેતી હોય તે ક્યારે ય પ્રસન્ન દેખાતાં નથી. આ પ્રમાણે તમો રહેશો તો હંમેશાં પ્રસન્નતાપૂર્વક જીવી શકશો.'



## માણસની ખોપડી

એક ભિખારી જતો હતો. રસ્તામાં તેને નારદજી મળ્યા. ભિખારીના હાથમાં એક પાત્ર હતું. તેનાં વસ્ત્રો ફાટયાંતૂટયાં હતાં. આ જોઇ નારદજીને દયા આવી. તેમણે ભિખારીને એક ચિઠ્ઠી લખી આપી અને ચિઠ્ઠી લઇ ધનના માલિક કુબેરજીપાસે જવા કહ્યું.

ભિખારી કુબેર ભંડારી પાસે ગયો. કુબેરે નારદજીની ચિઠ્ઠી જોઇ ભિખારીના પાત્રમાં ધન નાંખવા લાગ્યા.

કુબેરના આખા ભંડારનું ધન ખાલી થઇ ગયું, પણ ભિખારીનું પાત્ર અડધું જ ભરાયું, આ જોઇ કુબેરને નવાઇ લાગી. તેમણે નારદજીને બોલાવી કહ્યું કે, તમે કેવો માનવી મોકલ્યો છે? ત્યારે નારદજીને નવાઇ લાગી! તેમણે ભિખારીનું પાત્ર જોયું. ભિખારીના હાથમાં માણસની ખોપડીનું પાત્ર હતું.

આમ માણસ પાસે ગમે તેટલું ધન હોવા છતાં તેને સંતોષ થતો જ નથી. न वित्तेन तर्पणीयो मनुष्यो।

## મૃત્યુનો ડર

દેવજી ખેડૂત સવારે વહેલો ખેતર ખેડવા ગયો. બપોરે ખેડૂતની પત્ની જમવાનું લઇ આવી. આંબાના ઝાડની છાંયામાં બન્ને જમવા બેઠાં. ત્યાં થઇને યમરાજા પસાર થયા. સાત્ત્વિક ભોજનથી તેમનું મન પણ જમવા લોભાયું, તેથી તે દેવજી ખેડૂત પાસે જમવા બેસી ગયા. ખેડૂત પતિપત્ની ઉદાર હતાં. ત્રણેય જમ્યાં. ભોજન કર્યા પછી યમરાજાએ પોતાનો પરિચય આપ્યો. દેવજીને કહ્યું કે તારા વ્યવહારથી હું ઘણો જ ખુશ છું. મદદની જરૂર પડે તો મને યાદ કરજે. પહેલાં તો યમરાજાનું નામ

જાણીને દેવજી ખેડૂત ઘણો જ ગભરાયો. પણ તેમનો પ્રેમ જોઇને રાજી થયો. પછી તે બોલ્યો, "મને મૃત્યુનો ડર ખૂબ લાગે છે તો મરવું ના પડે તેવું વરદાન આપો." યમરાજે કહ્યું, "દરેકનું મૃત્યુ તો નિશ્ચિત છે. એ તો મારાથી ના બની શકે. પણ તારા માટે એટલું કરું કે તને લઇ જતાં પહેલાં પત્ર અવશ્ય મોકલીશ. મરતાં પહેલાં પત્ર મળશે એવું ભાગ્ય ક્યાંથી?"

સમય જતાં યમરાજા દેવજીને લેવા આવ્યા. દેવજીએ પત્ર લખવાના વચનની યાદ આપી. યમરાજે કહ્યું કે મેં તો તને એક નહિ પણ ચાર પત્રો મોકલ્યા છે. તું વાંચે નહિ તો પછી હું શું કરું?

## પ્રભુની સહજ ઝાંખી

માણસે પશુ, પંખી ને પ્રાણીઓમાં પ્રભુનાં દર્શન કરીને તેમની સેવા કરવી જોઇએ. સેવા કરવાની શક્તિ ના હોય તો માણસે તેવાં પશુ–પંખીને પાળવાં ના જોઇએ. પાસેના જીવોમાં પ્રભુની ઝાંખી કરવાની ટેવ પાડીને દૂરના જીવોમાં પ્રભુની ઝાંખી કરવાની ટેવ પાડવી જોઇએ. કુટુંબમાં, ગામમાં, શહેરમાં, રાજ્ય કે દેશમાં ને પછી સમગ્ર સંસારમાં પ્રભુનું દર્શન કરવું જોઇએ. એવો અનુભવ ઘડીના છઠ્ઠા ભાગમાં નહિ થાય. તે માટે નિરંતર પ્રયાસ કરવો પડશે. તે પ્રમાણે ટેવ પાડવાથી તમારો સ્વભાવ જ એવો થઇ જશે કે તમને બધામાં પ્રભુની સહજ ઝાંખી થવા માંડશે. એથી જ પ્રભુએ કહ્યું છે કે સૌમાં મારું દર્શન કરો. સંસારના બધા જડ અને ચેતન પદાર્થો મારી વિભૂતિરૂપ છે. એમ માનવાથી તમે કામ ક્રોધ ભય અને રાગદ્વેષમાંથી મુક્ત બની જશો.

યોગેશ્વરજી



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'મારી અવસ્થા તો એમના કરતાં પણ કરુણ અથવા કફોડી હતી. સીતા બોલી : 'પાણીમાંથી બહાર કાઢેલી માછલીની પેઠે હું એમના વિરહમાં વ્યથિત થતી તથા તરફડતી. મારો વખત જેમ તેમ કરીને વિતાવતી. એમની પાસે તમે આશ્વાસન આપનારા હતા તેમ મને જો મંદોદરી તરફથી હિંમત, વિશુદ્ધ સ્નેહ અને આશ્વાસનની પ્રાપ્તિ ન થઇ હોત તો મારું હૃદય ભાંગી જાત. તમે કે રામ મને ફરીવાર ન જોઇ શકત હું તમને પણ ન જોઇ શકત.'

'રામે મંદોદરી પ્રત્યે પ્રેમપૂર્વક નિહાળીને કહ્યું : 'મંદોદરીની મહાનતા વિશે મેં સાંભળ્યું છે. એ સાંભળીને મને પણ એના પ્રત્યે પ્રેમ અને પૂજ્યભાવ થયો છે.'

'તમે જે સાંભળ્યું છે તે તો સિંધુની આગળ માત્ર બિંદુ બરાબર જ હશે. તમને એના અસાધારણ, વિશાળ, વિશદ વ્યક્તિત્વનો આછો પાતળો ખ્યાલ જ અપાયો હશે. એણે મારે માટે જે કાંઇ કર્યું છે તેનો પૂરેપૂરો ઇતિહાસ કોઇવાર કહી બતાવીશ ત્યારે તમારી તેના પ્રત્યેની દૃષ્ટિમાં પણ ફેર પડશે.'

મંદોદરી સહેજ સંકોચમાં પડીને બોલી : 'મહાન આત્માઓનો એવો સ્વભાવ હોય છે, તે બીજા સામાન્ય આત્માઓને પણ મહત્તા આપે છે. તમે બંને મહાન હોવાથી મને પણ મહાન માનો છો, પરંતુ હું તો છેક સાધારણ છું. હા, રામની કૃપા હશે તો

એમની ભાવભક્તિ પ્રાપ્ત કરીને મહાન બની શકીશ ખરી. બાકી ગુણ તો મારા નહિ પણ રામના જ ગાવા જેવા છે, કારણ કે એ સૌથી મહાન છે. એ અંધકારથી આવૃત આકાશમાં ચારુ ચિત્તાકર્ષક ચંદ્ર છે અને બીજા બધા તારા એમના પ્રકાશ આગળ, ચંદ્રના તેજ આગળ તારાઓની શી વિસાત?

'તારાઓની વિસાત કેમ નહિ? અમાસના અંધકારમાં ચંદ્રના ચમકવાની કશી શક્યતા નથી હોતી ત્યારે તારાઓ જ પોતાનું મંદ છતાં મહત્ત્વનું તેજ ટપકાવતા હોય છે. ચંદ્રનો પ્રકાશ ગમે તેવો ઉત્તમ હોય, અને સૂર્યનો પ્રકાશ એથી યે ઉત્તમ, પરંતુ અમાસને મન એમનું મહત્ત્વ જરા પણ નથી એના પ્રકાશદાતા તો તારા જ છે.'

રામના એ શબ્દો સાંભળીને સૌ થોડીવાર સુધી શાંત રહ્યાં.

એ પછી રામના મનોભાવોને માપીને સીતાએ કહેવા માંડયું : 'આપણું આ પુનર્મિલન સફળ થાય તેને માટે મેં એક વિચિત્ર સંકલ્પ કર્યો છે.'

'કર્યો સંકલ્પ?'

રામના પ્રશ્નનો સીધો ઉત્તર આપવાને બદલે સીતા આગળ બોલી : 'એ સંકલ્પની પૂરતીથી તમને પણ સંતોષ થશે, મને પણ સંતોષ થશે, અને સમસ્ત સંસારને લાભ થશે. સંસારની આગળ પવિત્ર અને પ્રખર પ્રેમનો એક સ્વાનુભવસિદ્ધ આદર્શ રજૂ થશે.

'એટલે? તું શું કરવા માગે છે?'

મંદોદરી બોલી ઊઠી : 'તું તો રામથી છૂટી પડયા પછી આજ લગી અનેક આકરી અગ્નિપરીક્ષાઓમાંથી પસાર થઇ ચૂકી છે. એમાંથી પસાર થઇને તો રામની આગળ તારા પવિત્ર ને પ્રખર



પ્રેમના પ્રભાવથી ઊભી રહી છે. હવે તારે બીજી વધારાની અગ્નિપરીક્ષાની આવશ્યકતા જ ક્યાં છે?'

'મારા જીવનમાં અનેક પ્રકારની અગ્નિપરીક્ષાઓ થઇ ચૂકી છે એ સાચું છે. એ અગ્નિપરીક્ષામાંની અનેકની તું સાક્ષી છે. છતાં પણ સંસારની તથા સૂરજની સાક્ષીએ એક વધારાની અગ્નિપરીક્ષા ભલે થાય. એ મારે માટે ને બીજા બધાને માટે આશીર્વાદરૂપ થઇ પડશે.'

સીતાએ રામની આગળ પોતાના સંકલ્પનું સ્પષ્ટીકરણ કરી બતાવ્યું ત્યારે સૌના આશ્ચર્ય તથા દુઃખનો પાર ન રહ્યો.

રામની આંખ છલકાઇ ગઇ. એમણે કહ્યું : 'સીતા, તારા સિવાય આવો કઠોર સંકલ્પ બીજું કોઇ જ ન કરી શકે. એ સંકલ્પ જ તારા હૃદયની પવિત્રતાનો ને તારા મારે માટેના વિશુદ્ધ પ્રેમનો પરિચય આપે છે. મને તારા પ્રેમમાં, તારી નિષ્ઠામાં ને પવિત્રતામાં કોઇ દિવસ સ્વપ્ને પણ શંકા નથી થઇ અને આજે પણ શંકા નથી થતી. માટે તું તારો સંકલ્પ છોડી દે.'

'તમને મારી પવિત્રતા, નિષ્ઠા તથા પ્રીતિમાં કોઇ જાતની શંકા નથી થઇ ને નથી થતી તે મારું મોટામાં મોટું સૌભાગ્ય છે. એને લીધે તમારી ઋણી છું ને મારા શરીર ધારણને ધન્ય માનું છું. છતાં પણ આટલો વખત તમારાથી દૂર લંકામાં રહી એટલે કાલે ઊઠીને કોઇ મારે માટે શંકા ન ઊઠાવે અથવા મારા ચારિત્ર્ય તરફ આંગળી ન કરે એટલા માટે આવી અગ્નિપરીક્ષા મને અત્યંત આવશ્યક લાગે છે. એને માટેનો નિર્ણય હું એટલા માટે જ નથી ફેરવવા માગતી.'

'કોઇ બીજું અજ્ઞાનને લીધે તારી ચારિત્ર્યશુદ્ધિ સંબંધી શંકા કરે તોપણ હું તો તેવી શંકા કદાપિ નથી કરવાનો.'

'હું પણ નહિ.'

'અને હું પણ નહિ.'

લક્ષ્મણ અને મંદોદરી બંને બોલી ઊઠયાં.

'તમારે માટે એવી શંકા કરવી એ પણ પાપ છે.' સુગ્રીવ બોલ્યો.

'અમે કોઇ જ એવી શંકા નથી કરતા.' સમસ્ત વાનગરસેના ગાજી ઊઠી : 'અમને એવો વિચાર પણ નથી આવતો.'

'તમારી રામને માટેની પ્રીતિ અને પવિત્રતા સૂર્યની પેઠે નિષ્કલંક છે. એનો હું સાક્ષી છું. અશોકવાટિકામાં મેં તમારી અવસ્થાનું અવલોકન કર્યું છે. માટે આવી કઠોર પરીક્ષામાંથી પસાર થવાનું તમારે માટે જરા પણ ઉચિત નથી. એને માટેનો તમારો સંકલ્પ સાંભળીને સૌ શોકમગ્ન બની ગયાં છે.' હનુમાનથી બોલ્યા વિના ન રહી શકાયું.

'છતાં પણ મારે એ સંકલ્પને પૂરો કરવો જ પડશે. સીતાએ જણાવ્યું : 'ત્યારે જ મને શાંતિ થશે. એ સંકલ્પ શુભ હોવાથી એનું પરિણામ શુભ જ આવશે.'

સીતા વારંવાર સમજાવવા છતાં પણ ન માની ત્યારે એના કહેવાથી લક્ષ્મણે રામની સૂચનાનુસાર લાકડાં એકઠાં કરીને અગ્નિજ્વાળા પ્રકટ કરી.

(ક્રમશઃ)

## * પ્રેમ એટલે જ ઈશ્વર *

આ દુનિયામાં મને કોઇ પણ વસ્તુ પ્રત્યે વધારે માન હોય તો તે પ્રેમ છે. સ્ત્રી હો કે પુરુષ, કીટ હો કે પતંગ, પ્રેમનો પવિત્ર પ્રવાહ મને જ્યાં પણ માલૂમ પડે છે ત્યાં મારું હૃદય નમી પડે છે, ને એક દેવતા-ની જેમ તેની પૂજા કરવામાં ગૌરવ ગણે છે. પ્રેમ કદી મરતો કે મારતો નથી. તે તો સદા જીવે છે ને જીવાડે છે. જે તેને ચાખી લે તેને તે અમર બનાવે છે. પરંતુ આજે દુનિયામાં પ્રેમનું દર્શન કરવા જાઓ તો દ્વારે દ્વારે ભટકવું પડશે. આજે તો પ્રેમને નામે કામ કે મોહ જ વધારે છે. પ્રેમમાં ને ઈશ્વરમાં કાંઇ ભેદ નથી, એ જો બરાબર હોય, ને બરાબર જ છે, તો ઈશ્વરની જેમ પ્રેમ પણ માણસને સુખ, શાંતિ ને આનંદ પ્રદાયક હોવો જોઈએ, બંધનથી મુક્ત કરી સૃષ્ટિમાં રહેલા પોતાના સમગ્ર સ્વરૂપનું અનુસંધાન કરાવનારો હોવો જોઈએ.

યોગેશ્વરજી

# * જીવનનો સાચો ઉપયોગ–આત્મદર્શન *

જે પુણ્યશાળી આત્માઓએ પૂર્વજન્મમાં કાંઈક કર્યું હોય છે તે જ ઈશ્વરની કૃપાથી આ જન્મમાં સાધન માર્ગ તરફ તીવ્ર ગતિથી વળે છે, ને વિના રુકાવટે આગળ વધે છે. બીજાને માટે આ માર્ગ એટલો સહેલો નથી, કેમ કે વાસના ને તૃષ્ણાપૂર્ણ જીવનમાં ઈશ્વરી પ્રેમનો ઉદ્ભવ સંભવ નથી. પ્રભુને પામવા મુખ્ય વસ્તુ ઈશ્વરી પ્રેમ છે. તેમ જ પ્રેમથી પૂર્ણ સમર્પણ પણ આવશ્યક છે. આપણાં સર્વ કર્મોની અંદર ઈશ્વરની પૂજાની ભાવના રહેતી હોવી જોઈએ ને જીવનનો ઉપયોગ એક શોખની વસ્તુ તરીકે નહીં, પરંતુ સાધના કે સંયમની પાઠશાળારૂપે થવો જોઈએ. ગમે તેવાં કર્મ કે પ્રવૃત્તિ પરાયણ હોવા છતાં એક ક્ષણને માટે પણ ભૂલવું જોઈએ નહીં કે આ બધી બાજી બે આંખ ઊઘાડી છે ત્યાં સુધીની જ છે. ને જીવનનો સાચો ઉપયોગ આત્મદર્શન છે. કેટકેટલા મહાત્માઓ ને મહાન પુરુષો સંસારની પ્રલોભનાત્મક વસ્તુઓને સલામી ભરીને આ રસ્તે વળી ગયા, ને જીવન ધન્ય કરી ગયા. એ હમેશાં યાદ રાખવું જોઈએ. એથી પ્રમાદ ને આળસ કે જડતા દૂર થઈ જશે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.